# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/– આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/– (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/–

- **સંસ્થાપક : ૫. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર–૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- ૫.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઈટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**


**You can download the pdf file of Adhyatma From Website www.swargarohan.org**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| સ્વર્ગારોહણ તીર્થે યોજાયેલ કાર્યક્રમો | મા સર્વેશ્વરી | ૧૧ |
| અધ્યાત્મ અંગે એક સંનિષ્ઠ વાચકનો પ્રતિભાવ | તંત્રી | ૧૮ |
| ગંગા-લહરી | પરમાર્થી રચના | ૧૯ |
| વિવેક | સ્વામી ચિદાનંદ | ૨૩ |
| કર્મ અને અકર્મની સમજ ! કર્મમાં અકર્મનું દર્શન | યોગેશ્વરજી | ૨૬ |
| ઈશ્વર સાક્ષાત્કાર | વિનોબા ભાવે | ૩૧ |
| હિમાલયના પત્રોમાંથી—સાચું સુખ | યોગેશ્વરજી | ૩૮ |
| હૃદયપલટો | રામનારાયણ વિ. પાઠક | ૪૩ |
| સ્વશિક્ષણ સાધના | વિમલા ઠકાર | ૫૪ |
| હરિરસની હેલીના પ્રતિભાવ | ઈન્દિરાબહેન | ૫૯ |
| સ્વર્ગારોહણમાં શક્તિપર્વની ઉજવણી | તંત્રી | ૬૧ |

# સદ્ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

પૂ.શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ સંતપુરુષનો પરિચય પામનાર શ્રી મણીબેને પોતાના ધર્મ સંસ્કાર પણ શ્રી ભરતભાઈ શ્રી કલાવતીબેનના જીવનમાં દૃઢ કરાવ્યા.

વરસો વીતી ગયાં. શ્રીકલાવતીબેન, શ્રીભરતભાઈએ સત્સંગનો, સત્કર્મનો સાત્ત્વિક સંબંધ ચાલુ જ રાખ્યો. તેમના સૌજન્યથી આ અંક પ્રકાશીત થઈ રહ્યો છે. અભિનંદન.

આભાર.

ૐ



# યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

## સંન્યાસ કે ત્યાગ સહેલો નથી

ત્યાગ કે સંન્યાસ કાંઈ રમત નથી. તેનો આશ્રય લેવાનું કામ કઠિન છે. તેને પચાવવાનું કપરું છે. માણસ સ્વભાવથી સમાજમાં ભળવા માટે ટેવાયેલો છે. તેને એકાંતમાં રહેવું ભાગ્યે જ ગમે છે. એ વિચારથી પ્રેરાઈને તો આપણે ત્યાં નજરકેદની સજા શોધવામાં આવી છે. માણસને ખાવાપીવાની, વાંચવાની ને વસવાની સારામાં સારી સગવડ આપવામાં આવે છતાં તેને એકલા રહેવું મુશ્કેલ લાગે છે. મિત્રો ને બીજા માણસોને મળવાનું ને પ્રિયજનો સાથે ફરવાનું તેને સારું લાગે છે. જરાક કામમાંથી નવરાશ મળી એટલે તેને ક્યાંક જવાની કે કોઈની સાથે વાતે વળગવાની ઈચ્છા થાય છે, ઉપનિષદકાર સાચું કહે છે કે, વિધાતાએ મન ને ઈન્દ્રિયોને પહેલેથી જ બહિર્મુખ બનાવી છે, એટલે તે બહારના પદાર્થોમાં ફર્યા જ કરે છે. તેમના પુરાણા પ્રવાહને પલટાવીને તેમને અંતર્મુખ કરવાનું કામ શું સહેલું છે કે? લાંબા વખત લગી એકાંતમાં રહીને તેમણે પ્રભુપરાયણ કરવાનું કામ સરળ છે કે? માણસો કેટલીક વાર ક્ષણિક આવેશમાં આવી જાય છે ને કહેવા માંડે છે કે, ભાઈ, હવે તો આપણને કંટાળો આવી ગયો છે, વૈરાગ્ય થઈ ગયો છે. બસ હવે તો આપણે બધું છોડીને ચાલી નીકળીશું. કાશીવાસ કરીશું કે પછી વૃંદાવન કે હિમાલય જઈને રહીશું. સાથે જ કહીએ છીએ

કે હવે તો સંસાર કડવો લાગે છે, તેમાં કાંઈ જ સુખ નથી, હવે તેને છોડી દેવાનો જ વિચાર છે. આપણે તેમને સલાહ આપીએ કે ભાઈ, એમ કાંઈ બધું છોડી ના દેવાય, બધું છોડીને ત્યાગી થઈને ઈશ્વરપરાયણ થવાનું કામ કપરું છે. વળી બહાર વાતાવરણ પણ જોઈએ તેવું સારું નથી. માટે ઘરમાં રહીને જ પ્રભુપરાયણ બનો, તો તે વધારે જોરથી બોલવા માંડે છે કે ના, હવે તો સંસારમાં ગમતું જ નથી. પણ જ્યારે સંસારને છોડીશું ત્યારે અમે તો વીરતાપૂર્વક દિવસે છોડીશું. બુદ્ધ ભગવાનની જેમ રાતે નહીં છોડીએ. ભલેને અમારા વૈરાગ્યની બધાને ખબર પડી જાય. બોલવામાં ને કરવામાં કેટલો બધો ફેર છે! આવા એક ભાઈ થોડાંક વરસો પહેલાં હિમાલયમાં આવી ગયા હતા. ચારપાંચ મહિના ત્યાં રહ્યા પણ ખરા. પણ પછી તેમના શ્રીમતી તેમને મળવા ને બની શકે તો મનાવવા આવ્યાં ને થોડા દિવસના ગજગ્રાહ પછી તે પોતાને મૂળ વતન પાછા ફર્યા. એકબીજા ભાઈ મુંબઈમાં રસોઈનું કામ કરતા હતા. તે નોકરી છોડી દઈને હિમાલય આવ્યા. રસ્તામાં હરદ્વારમાં પોતાનાં કપડાં ને પૈસા પંડાઓને આપી દીધાં. મારી પાસે દેવપ્રયાગમાં આવ્યા ત્યારે તેમની પાસે એક પહેરેલું ધોતિયું હતું. મને કહે, 'મને કોઈ મહાન ગુરુનું નામ—ઠામ આપો. મેં હવે હિમાલયમાં રહેવાનો નિર્ણય કર્યો છે, ને એવા સમર્થ સદ્ગુરુની સેવા કરવાની ને શાંતિ મેળવવાની મારી ઇચ્છા છે.' મેં જવાબ આપ્યો કે, 'તમારો હેતુ ઘણો સારો છે. પણ મારી જાણમાં એવા કોઈ સમર્થ સદ્ગુરુ નથી જે તમને શાંતિ આપી શકે. હા, સેવા કરાવવા



તૈયાર થનારા સંતો ઘણા મળશે. તમે આ જીવનને પચાવી શકશો નહીં. વળી તમારી સમજ પણ કાચી છે. એટલે મારી તો તમને એ જ સલાહ છે કે ફરી મુંબઈ જાવ ને કરતા'તા તે કામ શરૂ કરો. ત્યાં રહીને તમે વૈરાગ્ય કેળવો ને પ્રભુનો પ્રેમ વધારો.'

પણ તે ભાઈને મારી વાત ગમી નહીં. તેમણે કહ્યું કે, 'મને વૈરાગ્ય થઈ ગયો છે ને તેથી હું આટલે દૂર આવ્યો છું. હવે હું પાછો નહીં જઉં.' એમ કહીને તે વિદાય થયા. બીજે દિવસે વહેલી સવારે તે મારી પાસે આવી પહોંચ્યા, તે કહેવા માંડ્યા, 'મેં મુંબઈ જવાનો નિર્ણય કરી લીધો છે. કરી શકો તો મને પાંચેક રૂપિયાની મદદ કરો. હું અત્યારે જ મોટરમાં બેસીને ઋષિકેશ જવાની ઇચ્છા રાખું છું.'

મેં પૂછ્યું, 'કેમ? તમે તો અહીં જ રહેવા માગતા'તાને?'

'હા, વિચાર તો હતો' તેમણે ઉત્તર આપ્યો. 'પણ મને આ વાતાવરણ નહીં ફાવે. મુંબઈ જ મારા માટે સારું છે. મારા શેઠ પણ સારા છે. તે મને જોઈને ખુશ ખુશ થશે ને નોકરીમાં રાખી લેશે.'

મેં તેમને ધીરજ તથા હિંમત આપી ને કામકાજ કરતાં કરતાં સાધના કરવાની પદ્ધતિ બતાવી. ને કહ્યું કે, 'તમારો નિર્ણય સારો છે. તે માટે તમને ધન્યવાદ ઘટે છે. પોતાની ભૂલને સમજીને સુધારી લેવામાં ડહાપણ ને વીરતા છે, મારી પાસે તમને મદદ કરવા જેટલી રકમ નથી. પણ એક સાધુપુરુષનો પરિચય આપું છું, તે તમને જરૂર મદદ કરશે' ને તે ભાઈ વિદાય થયા.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૯ મે–૨૦૧૭ અંક ૮**

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૨૯)**

**તા.૨૩/૧૨/૮૨, ગુરુવાર, માગસર સુદ સાતમ, ૨૦૩૯.**

**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

આજે સવારે સાડા ત્રણથી દરરોજની જેમ પૂ.શ્રીનો નિત્યકર્મનો નિયમ ચાલુ થઈ જાય છે.

નિયમિત લેખન ચાલી રહ્યું છે. ભોજન બાદ એક સત્સંગ મંડળના ભાઈ પૂ.શ્રીને મળે છે. તેઓ શાસ્ત્રના અભ્યાસી છે. તેમણે પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો સાંભળવા પછી મળવા આવવાનું નક્કી કર્યું હતું. ભારતીય સંસ્કૃતિ ઉપર વિવિધ વિચારો તેમણે રજૂ કર્યા. સમય થતાં તે ભાઈ વિદાય થયા. તે ભાઈ સાથે પૂ.શ્રીએ અંગ્રેજીમાં જ વાતો કરી.

બપોરે થોડો સમય આરામ કર્યો. લેખન કર્યું. સાંજે દરરોજની જેમ ધ્યાનની બેઠક થઈ. આજે ઈસ્પીંગોમાં



પ્રવચનના આયોજકે પૂ.શ્રી અને મારે માટે બબ્બે જોડ ચંપલો મોકલ્યાં. અમે બન્નેએ તેનો અસ્વીકાર કર્યો.

આજે સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખસ્વામીનો જન્મોત્સવ હતો. તેથી પૂ.શ્રીએ એ ઉત્સવમાં પ્રવચન આપવાનું હતું. ભારત હૉલમાં સાડા સાત વાગ્યે પહોંચી જવાનું બન્યું.

મંચ ઉપર બે બેઠકો હતી. ત્યાં શ્રી પ્રમુખસ્વામીની પુષ્પહારવાળી તસવીર અને દીવો પણ હતાં.

શરૂઆતમાં પ્રાર્થના થઈ. પછી, એક નાના બાળકે સ્વાગતમાં એક ભજન ગાયું. ‘હૃદયમંદિરે પધારો’ એવા શબ્દો હતા. ત્યારબાદ અમારું પુષ્પહારથી સ્વાગત થયું. પૂ.શ્રીનો પરિચય અપાયો. પછી પૂ.શ્રીએ પ્રવચન શરૂ કર્યું.

આજનું પ્રવચન ‘સંત’ ઉપર જ હતું. સંત દીપક, સૂર્ય, ચંદ્ર જેવા છે. સંતોનો મહિમા, સ્વામીનારાયણના સંતોનાં કાર્યો ઉપર સુંદર પ્રકાશ પાડ્યો.

અંતે મેં પણ ભજનો ગવડાવ્યાં. છેવટે આભારદર્શન થયું. પ્રવચન બાદ ‘અધ્યાત્મ’ના આજીવન સભ્યોને પૂ.શ્રીએ ‘અધ્યાત્મ’ના અંકો આપ્યા.

શ્રી. શાંતિભાઈ સંત પુનિત સેવા સંઘના કાર્યકર્તા છે. તેમને ‘અધ્યાત્મ’ને મદદ મળે એવી ભાવના જાગી છે. તેથી ‘અધ્યાત્મ’ માસિકના અહીં ઘણા આજીવન સભ્યો બને એવી તેમની ઈચ્છા છે. તેમની મહેનતના પરિણામે આજે છ સભ્યો બન્યા છે. ‘અધ્યાત્મ’ અંગે અમે એમને કશું જ કહ્યું નથી. પોતાની મેળે જ તેમણે એ કામ ઉપાડી લીધું છે. આ નવાઈ પમાડે તેવી હકીકત છે. પ્રભુ જ આ રીતે સારા કાર્યમાં મદદરૂપ

થવા કોઈક ને કોઈકને પ્રેરણા કરતા હોય છે એવું શ્રી. શાંતિભાઈની બાબત જોતાં લાગ્યા વિના રહેતું નથી. શ્રી. શાંતિભાઈની ભાવનાને તથા તેમના કાર્યને સાચે જ અભિનંદન ઘટે છે.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

**હરિઃૐ**

**તા.૨૪/૧૨/૮૨, શુક્રવાર, માગસર સુદ આઠમ, ૨૦૩૯.**

**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

ચાર વાગ્યે પૂ.શ્રી સ્નાન કરી લે છે. પછી પોણો કલાક વ્યાયામ કરે છે. પરસેવાથી રેબઝેબ થયેલા પૂ.શ્રી થોડા આંટા માર્યા પછી પલંગ ઉપર માળા લઈને બેસી જાય છે. સાત વાગ્યે લેખન શરૂ થઈ જાય છે. પલંગ પાસે નીચે જ એક ચાદર ઉપર બેસી, પગ ઉપર ઓશીકું મૂકી લેખન ચાલુ થાય છે. વચ્ચે આઠ વાગ્યે પૂ.શ્રી ઠંડું દૂધ લે છે. સાથે મકરધ્વજની નાની ગોળી ને એક ચમચી ચ્યવનપ્રાશ પણ લે છે. દૂધ પીવામાં પાંચ મિનિટ થતી હશે. ત્યારે પણ ખાસ વાતચીત ના થાય. અને કદાચ વાત થાય તો તે મહાભારતના લેખનના કોઈ પ્રસંગની અને તે પણ એક–બે વાક્યમાં જ વાત પૂરી થાય. બાકી મૌન અને શાંતિથી પૂ.શ્રીનો લેખનનો ક્રમ લગભગ અગીઆર વાગ્યા સુધી ચાલુ જ રહે. અગીઆર પછી પલંગ ઉપર સૂઈ જાય છે. પણ સાથે જ હાથમાં માળા ફેરવવાની શરૂ થાય છે. એક–એક મિનિટનો સદુપયોગ કરવાનો મૂક સંદેશ પૂ.શ્રીના આદર્શ આચરણમાંથી મળે છે.

લેખનના સતત શ્રમને પૂર્ણ કરી જપમાં જોડાયેલું મન આરામ મેળવી લેતું હશે.



ભોજનમાં આજે ખીચડી હતી. ભોજન બાદ બે વિદ્યાર્થીઓ મળે છે. તેઓ પૂ.શ્રીનાં પ્રવચનોમાં આવે છે. હાલ રજા છે. રજામાં તેઓ કેપટાઉન તરફ ફરવા જનાર છે. તો ત્યાં પણ પૂ.શ્રીનાં પ્રવચનોનો લાભ મેળવવાની તેઓની ભાવના છે. એક બહેન અને શ્રી. રતિભાઈ પણ આવે છે. હૃષીકેશના કૈલાશ આશ્રમની, શંકરાચાર્યોની વગેરે વાતો થાય છે. સમય થતાં સૌ દોઢ વાગ્યે વિદાય થાય છે. સાડા બારથી મળવાનો સમય હોય છે. ત્યારબાદ પૂ.શ્રી આરામ કરે છે.

શ્રી. રતિભાઈ સંસ્કૃતમાં રામચંદ્રાષ્ટકમ્ તથા રામસ્તવન વગેરે મારી પાસે ટેઈપ કરાવવા ઇચ્છે છે. તેથી આજે સવારે મેં થોડું તે કાર્ય કર્યું.

સાંજે ભજનોને વાજિંત્રો સાથે ટેઇપ કરવાની યોજના હતી, પણ અનિવાર્ય સંજોગોને લીધે તે બંધ રહ્યું.

સત્કર્મમાં રકમ મળે છે તેને પૂ.શ્રી કેવી રીતે વાપરે છે તેની વાત થાય છે. વળી, સ્વામીનારાયણની વિવિધ શાખાઓની વાતો થાય છે. સાડા આઠ સુધી આવનાર ભાઈઓ સાથે એ રીતનો સત્સંગ થાય છે.

સૌની વિદાય પછી બટાકાપૌઆ ને કેરી, દૂધનો નાસ્તો કરીને આરામ કરીએ છીએ.

આવતી કાલે ડરબનથી થોડા દિવસો માટે બહારગામ જવાનું છે. તેથી તેની થોડી તૈયારી ચાલે છે. અમારી સાથે બહારગામ પણ શ્રી. શાંતિભાઈ, શ્રી. રતિભાઈ, શ્રી. ડાહ્યાભાઈ આવનાર છે.

**(ક્રમશઃ)**

# સ્વર્ગારોહણ તીર્થે યોજાયેલ કાર્યક્રમો

**—મા સર્વેશ્વરી**

**તા.૧૭/૧૮ માર્ચ, ૨૦૧૭નો કાર્યક્રમ**

સ્વર્ગારોહણનો આ વિશેષ કાર્યક્રમ સવારે ધ્યાનની બેઠકથી શરૂ થયો. ત્યારબાદ પ્રભાત વંદના—પ્રણામની બેઠક થઈ.

આજે તો ''શાંતિકુલમ'' (સ્વર્ગારોહણના જ એક ભાગરૂપે શ્રી શાંતિકાકાએ સર્વમંગલને અર્પણ કરેલ જગ્યા)નું વાસ્તુ હતું જેમાં સ્વર્ગારોહણના સેવકો માટે ૪ રૂમ અને એક રૂમનું બાંધકામ થયું છે તેનું ઉદ્‌ઘાટન કરવાનું હતું (વાસ્તુ). પૂ.માની જ સુચના મુજબ સૌ ભક્તોએ પાંચ પાંચના ગ્રુપમાં એક એક રૂમમાં જઈને બે બાવની અને વરદ હસ્તની પ્રાર્થના ગાઈને વાસ્તુ કર્યું. અહીં કોઈ વૈદિક પરંપરા પ્રમાણે પૂજા પાઠ કે હોમ હવન કરવા કરતાં આ રીતે બાવની અને પ્રાર્થનાથી તે ધરતીને પાવન બનાવી, શુદ્ધ—પ્રવિત્ર બનાવી. પૂ.માની એક નવી જ દ્રષ્ટિ જે આજના જમાનામાં અપનાવવા જેવી પરંપરાનો અહીં અમલ થયો.

આજની સત્સંગની બેઠકમાં પ્રભુનું પ્રવચન સાંભળ્યું ત્યારબાદ ''શ્રી હરિની શબ્દ યાત્રા''નું (પૂ.મા વિદેશમાં વિચરણ કરતાં હતા ત્યારની નોંધ)નું વાંચન થયું.

જેમાં મુખ્ય પદ—**અમે તો વૈરાગી કહેવાયા...**

એ પદનો આનંદ માણ્યો, સૌ ધ્યાનથી સાંભળીને પ્રસન્નતા પામ્યાં.

બપોરે સત્કર્મ થયું જે શ્રી અનિલભાઈ ચોક્સી અને ભારતીબેન ચોક્સી તરફથી રહ્યું. વળી બીજું સત્કર્મ શ્રી રાજુભાઈ શાહ અને



જ્યોત્સનાબેન શાહે (કેનેડા) તરફથી રહ્યું. આજના હુંફના હકદાર સ્વર્ગારોહણના પડોશીબેનો હતાં. સત્કર્મબાદ પૂ.માની ઈચ્છાથી તે બેનો પાસે ગરબા પણ ગવડાવ્યા ઉપરાંત નવરાત્રીમાં ફરી આવવાનું (ગરબા ગાવા) આમંત્રણ પણ આપ્યું.

રાત્રે ૮ કલાકે વંદના બાદ પ્રભુનું DVD દર્શન, ત્યારબાદ ઉપનિષદની ગંગાનું DVD દર્શન કર્યું.

**તારીખ ૧૮—૦૩—૨૦૧૭**

આજનો આ વિશિષ્ટ દિવ્ય દિવસ પૂ.માના સાન્નિધ્યમાં વિશેષ રીતે ઉજવાયો. આજના દિવસની શરૂઆત સવારે ૬.૩૦ કલાકે ધ્યાનની બેઠકથી થઈ જેમાં પૂ.માનું શ્રી ગંગાજી સાથે વિડીઓ દર્શન સૌએ કર્યું. શ્રી ગંગાજીને પણ ગૌરવ વધારે એવા પૂ.મા સર્વેશ્વરીનું દર્શન કરીને અહીં આવેલ સૌ ભક્તો—બાળકો ધન્ય થયાં ત્યારબાદ પ્રભાત વંદના થઈ જેમાં બે બાવની અને બે પ્રાર્થના ગવાઈ.

આજના ૧૮મી માર્ચના દિવસે વિશેષ સત્કર્મનું આયોજન થયું છે. જેમાં સ્વર્ગારોહણના દ્વારેથી લાકડાના ભારા લઈને મજૂરી માટે જતાં શ્રમિકોને અંદાજે ૧૫૦ પરિવારોને જીવન જરૂર વસ્તુઓની વહેંચણી થઈ આ સત્કર્મ શ્રી રાજુભાઈ શાહ અને જ્યોત્સનાબહેન શાહ—કેનેડા તરફથી હતું.

દર વર્ષની જેમ આજથી એટલે કે ૧૮ મી માર્ચથી ૩ મહિના માટે છાશ વિતરણનું સત્કર્મ પણ શરૂ થયું. આ સત્કર્મ પણ આજે શ્રી રાજુભાઈ શાહ અને જ્યોત્સનાબહેન શાહ—કેનેડા તરફથી હતું જેથી તેમના હસ્તે જ આજના છાશ વિતરણની શરૂઆત થઈ. સવારે ૧૧.૦૦ કલાકે પૂ.શ્રી યોગેશ્વરજીની જ્ઞાનામૃત DVD સેટ નં.૩નું વિમોચન થયું. આ

કાર્યક્રમનાં અનુસંધાનમાં પૂ.શ્રી મા કહે છે સવારે આપણે સૌ શ્રી ગંગાજીના દર્શન કરી શક્યા એ જ ગંગાજીએ આપણને એક મહાપુરુષ પ્રસાદીમાં આપ્યા છે એ મહાપુરુષને આજે પણ આપણે દર્શન દ્વારા, શ્રવણ દ્વારા સમ્પર્ક સાધી શકીએ. આજે એ મહાપુરુષનું દર્શન કરવાના છે. છેલ્લા બે વર્ષમાં આપણા હાથમાં પૂ.શ્રીનો વિશેષ પ્રસાદ મળી રહ્યો છે. બીજા વિભાગનો પ્રસાદ ગયા વર્ષે પ્રાપ્ત થયો હતો, તે બોક્સ ઉપર આપણે એક નામ વાંચ્યું હતું. સૌજન્ય ''R/S મોક્ષ–મૂલમ'' પણ તે પરિવાર મંચ ઉપર આવવા માંગતો હતો, જેમના સૌજન્યથી આપણને પ્રસાદ મળ્યો હતો તે ''R/S મોક્ષ–મૂલમ''–એ છે આપણા જાણીતા–માનીતા પ્રિય શ્રી દેવાંગભાઈ, અર્પિતાબહેન–રક્ષિતાબહેન, સમીતભાઈ. આ ચારે બાળકોએ પડદા પાછળ રહીને જ સત્કર્મ કર્યું છે. પણ આજે તો આપણે જાણી લઈએ તે પણ જરૂરી છે. જે પ્રસાદ આપણે ખાઈ ચૂક્યા છીએ, જોઈ શક્યા છીએ, સાંભળી શક્યા છીએ તે શ્રી દેવાંગભાઈ, અર્પિતાબહેન, મોક્ષ–રક્ષિતાબહેન, સમીતભાઈ તરફથી હતો. આજે માત્ર એમના પ્રતિનિધિ તરીકે શ્રી દેવાંગભાઈ હાજર છે. તો (મંત્રગાનથી કલગી આપીને શ્રી દેવાંગભાઈને વધાવવામાં આવે છે.)

ૐ યોગેશ્વરાય નમઃ

ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ

(રક્ષમામની ધૂન સાથે બન્ને દીકરી રક્ષિતા–અર્પિતા વતી એમના મમ્મી શ્રી ઈન્દીરાબેનનું પણ રક્ષમામની શાલ સાથે સન્માન કરવામાં આવે છે.)

આપણા હાથમાં મળી ચૂકેલા પ્રસાદની પાછળ જેમ શ્રી હેમલભાઈ પથરાઈ ગયા છે તે રીતે જ આ ''R/S મોક્ષ–



મૂલમ''નો પરિચય પણ સાથે જ છે. એ પરિવારના પરસેવાની કમાણી એ સેવા પાછળ પથરાયેલી છે. એમને સદાનું એક અચરજ રહ્યું છે કે દેશ–વિદેશમાં સતત શ્રી લક્ષ્મીજીની કૃપા વરસતી રહે છે, આપણા દેવાંગભાઈને પૂછીશું કે કેમ તમે આવો પ્રસાદ આપ્યો? કંઈક પ્રકાશ પાડો તો અમને પણ થોડું જાણવાનું મળે. (શ્રી દેવાંગભાઈ બોલવા ઊભા થાય છે.)

૧૮મી માર્ચનું સત્કર્મ છેલ્લા થોડા વર્ષની પરંપરા પ્રમાણે સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી જ થાય છે. પરંતુ આજે એ સત્કર્મ ટ્રસ્ટ વતી શ્રી પારૂલબેન–શ્રી સુહાગભાઈ આચાર્ય (મુંબઈ) દ્વારા થાય છે. બપોરે ૩ થી ૫ વ્યક્તિગત સાધના. આજે સાંજે સત્સંગમાં DVD દર્શન (સૂરસરિ અંકે સ્નાન) અહીં સ્વર્ગારોહણ તીર્થે ૧૭–૧૮ માર્ચનો વિશેષ કાર્યક્રમ ચાલી રહ્યો છે. સાધના પર્વ પણ ચાલી જ રહ્યું છે તો નાના બાળકો પણ અહીં આવ્યા છે. આજે ૧૮ માર્ચ વિશેષ દિવસ હોય–સાધના દિવસ પણ હોય જ. નાના બાળકો આજના વિશેષ દિવસે શાંતિનો ભંગ કરતાં જણાયાં તો પૂ.માએ ટકોર કરતાં કહ્યું આજે કોણ કોણ અહીં અવાજ–ધમાલ કરતું હતું?–તેમના માતા–પિતા ખાસ ધ્યાન રાખે કે આજે મૌન અને સાધના જ શોભે. તો પ્રાયશ્ચિત રૂપે પૂ.માએ બાળકોને અને તેમના માતા–પિતાને પણ ઊભા કરીને કુટીયાની ૧૧ પ્રદક્ષિણા અને ૧૧ પ્રણામ કરવા કહ્યું–આ રીતે સ્વર્ગારોહણની ગરિમા જળવાય રહે તે માટે પૂ.મા સંપૂર્ણ જાગ્રત છે અને તેમના બાળકો પણ જાગ્રત રહે તે માટે ખાસ આવી સુચના કરતાં રહે છે.

શ્રી અજયભાઈ કલોલાએ તૈયાર કરાવેલ અર્ઘ્ય પુસ્તકમાંથી પૂ.માના ભજનોની CDનો પણ પ્રસાદ સૌને પ્રાપ્ત થયો. વળી

આજે રાજકોટનાં એક ભક્ત મીનાબહેન જાડેજાનું શરીર શાંત થયું તો તેમના માટે બે મિનિટ મૌન પ્રાર્થના પણ થઈ.

સાંજની બેઠકમાં માર્ચ મહિનામાં જ શ્રી દશરથાચલની યાત્રા કરીને આવેલાં યુવાનો યાત્રા વિશે પોતાના પ્રતિભાવ આપે છે. ખુબ સરસ રીતે યુવાન હૈયામાં પ્રભુ પ્રસ્થાપિત થઈ રહ્યા છે તેનો અણસાર તેમના બોલવા ઉપરથી આવે છે.

રાત્રે ૧૨.૦૦ કલાકે સત્સંગની બેઠક (મૌનના પદો)

**—પ્રભુ દ્વારે તિરાડ પડો રે,**

**જોઈ શકીએ તમને...**(આ પદ દિશા ગવડાવી રહી છે)

પૂ.મા પધારે છે. મા કહે છે (દિશાને)

માતા—પિતા અને બા—દાદાએ જન્મ પહેલાં જ તિરાડ પાડી દીધી હતી માટે દિશા માટે તિરાડની જરૂર નથી. બારણા ઉઘાડીને જ પ્રભુ કહે લે દિશા, તારા જન્મ પહેલાં જ એ ઘરમાં હું ક્યારનો રહું છું.

**—અમારા જીવનમાં આવ્યા, અમે તો ત્યારથી ફાવ્યા**

**તમે જગાડવા આવ્યા અમે તો ઉંઘતાં જ રહ્યાં...**

(આ પદ સૌ મોટેથી તાળી પાડીને ઝીલતા હતાં)

મા કહે "જાગવાનું છે, તાળી પાડીને મનોરંજનની આ ક્ષણો નથી."

—સંતો જગાડવા આવે, સંતો ખૂબ પ્રેમ કરે, આપણી અવળી બુદ્ધિ તેને સ્વાર્થી માને.

—સંત આપણામાં પ્રવેશવા તિરાડ પાડતાં રહે પણ આપણે તેને પૂરતાં રહીએ.

—હવે આજે ગમે તે થાય, જાગવું જ છે.



—આપણું મન ICUમાં છે એમ માનીને સતત જાગતાં રહેવાનું છે.

—મુસ્લીમ સંતોના જીવનમાં એવી વાત આવે છે કે જાગવા માટે આંખમાં બળે એવું અંજન કરે, ને પછી ખુદાનું નામ લે.

—તો આપણે મરચાની ભૂકીનો પ્રયોગ કરવો છે?..

શ્રી હિમાંશુભાઈને મા બોલવા ઊભા કરે છે.

—દક્ષિણ ભારતની યાત્રાનું વાંચન ('પડદા ઓથે પ્રભુ')

—છેલ્લા ત્રણ—સાડાત્રણ કલાકથી સાત્ત્વિક વાતો ચાલી રહી છે.

—એક મહાપુરુષ દરેકના જીવનમાં વધતા ઓછા પ્રમાણમાં કેવા પથરાયેલા છે તે જોવા મળે છે.

—તમે સૌ ઘરથી નીકળી માત્ર ૧૮ માર્ચના નામે પૂ.શ્રીના સ્મરણ સાથે જ અહીં આવ્યા.

—પૂ.શ્રીના બે વાર્તાલાપ, શ્રી નારાયણભાઈનો વાર્તાલાપ, યુવા સ્વજનોની વાત—ને મધરાત પછી માના કારભારની વાત.

—શ્રી ગંગાજીની બે DVD જોઈ હવે એક જ બાકી છે, ગંગા સ્નાન કરવું છે? ગંગાસ્નાન કરે તેણે તેણે દેહ ત્યાગ કરવો પડે, **દેહ ભાવનો ત્યાગ.**

—(હિમાંશુભાઈ પૂછે છે તેના માટે શું કરવું જોઈએ?)

—મા કહે, તે માટે મળો યા લખો—ડૉ. હિમાંશુ પાઠક. (હાસ્ય)

—(હિમાંશુભાઈ વ્યવસાયે ધ્યાન યોગના ક્લાસ ચલાવે છે.)

—મા (જવાબ આપતા લખે છે)

—આ દેહ તારો છે હે પ્રભુ !

—આ દેહ તારું મંદિર છે, તું જ સંભાળજે.

—જે જે અંગ જરાક આંગળી ઊંચી કરે તેની તેની જોડે પ્રેમથી વાતો કરો.

—પગ જકડાઈ ગયો હોય તો હાથ ફેરવીને કહેવું ચાલો, પ્રભુના કામમાં વિશ્રામ ના શોભે.

—એક એવો સહજ અનુભવ થતો રહે છે, દરેક અંગ જોડે પ્રેમભરી વાતો કરો, એટલે તે અંગ હાઈ—વે પર આવી જાય.

—શરીર પણ આપણું શ્રેષ્ઠ મિત્ર છે.

—સમાજનું ચિત્ર કેવું છે !

—સતત જાગતા રહેવું.

—એક છોકરો પત્રમાં લખે છે. મા! એક અઠવાડીયાની ૭૦૦૦ રૂપિયા ભરીને ધ્યાનના વર્ગમાં જાઉં છું, પરીક્ષામાં પાસ થવાશે માટે.

—અમે એને તે વર્ગ છોડાવીને સીધી—''પ્રાર્થના કરીને વાંચવા બેસ'' એવું કહ્યું—સમજાવ્યું હતું.

—પછી મળ્યો તો કહે ઘણો ફેર છે. સારી સ્થિરતા છે.

—કહે હવે વર્ગમાં જવાની જરૂર નથી.

—એટલે સતત જાગ્રત રહીને જીવવાનો આ યુગ છે.

—સતત એક વાત યાદ રાખો.

—**''મેં કોનું શરણ લીધું છે !''**

—**સમર્થની છત્ર છાયામાં વળી મને શાનો ડર ?**

—સ્વર્ગારોહણમાં ઘણાં વર્ષો પહેલા રાત્રિ સત્સંગ બેઠકના આવા ક્રમો પણ ચાલતા હતાં.

—તો હવે **''એક રાત હરિ કે નામ''** પુરી થઈ.



# અધ્યાત્મ અંગે એક સંન્નિષ્ઠ વાચકનો પ્રતિભાવ

—તંત્રી

આ સાધક છે શ્રી શશીકાન્ત જયશંકર પંડ્યા. તેઓ સુરતના છે. તેઓ અધ્યાત્મના આજીવન ગ્રાહક છે. તેમને ટપાલની ગરબડને લઈને કેટલાક અંકો નહીં મળેલા. તેથી તેમનાં પુત્રવધૂએ અમને ટેલિફોન પર ફરિયાદ કરેલી. તેથી ન મળેલા અંકો ઉપલબ્ધ હોવાથી તેમને ફરી મોકલાવી આપ્યા જે મળી જતાં તેઓએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો તે તેઓના જ શબ્દોમાં જોઈએ.

**'જીવનના ઉત્તરાર્ધમાં આપના માસિકના લેખોનું વાંચન અને મનન સાત્ત્વિક વિચારોને પ્રદિપ્ત કરે છે.'**

પોતાનો નિખાલસ પ્રતિભાવ લખી મોકલવા બદલ શ્રી શશીકાન્તભાઈને અભિનંદન.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# ગંગા—લહરી

—પરમાર્થી રચના

૪૨

સ્હેજે ધરે જો શિર કોઈ માટી
આદિત્ય અંધાર હરે શું તેમ
અજ્ઞાન તેનું દૂર થાય સત્વર,
ને દિવ્ય જાણે વરસે રહેમ!
લેખો લલાટે વિધિના ભુંસાય,
સામર્થ્ય એવું મૃદનું સદાય!

૪૩

હાંસી કરે મા તીવ્ર વૃક્ષરાજે
વિમૂઢ લોકો તણી જે પ્રસુપ્તઃ
"આસક્તિ છોડી ભ્રમરો પધારો
માણી સુગંધી નિત થાવ મુક્ત!"
રે દિવ્ય છે સૌરભયુક્ત તારાં
વૃક્ષો બનો મિત્ર બધાં અમારા!

૪૪

ઉપાસના દેવતણી કરે કો,
કો સાધનાઓ શ્રમસાધ્ય સર્વ!
કો યજ્ઞમાગે રત, કોઈ યોગે
આત્માની પ્રાપ્તિ કરવા સગર્વ!



તલ્લીન તારે સ્મરણે છું ફક્ત,
લાગે બધું ઘાસ સમાન તુચ્છ!

૪૫

કલ્યાણ દેવો કરતા જણાય
સૌ પુણ્યશાળી જનનું સદૈવ!
સત્કર્મ જેણે ન કર્યાં પરંતુ
કે દેવ પૂજા ય કરી ન સેવ—
બધા પ્રકારે અસહાય તેનું,
તારા વિના શ્રેય કરે કોણ છાનું?

૪૬

શિશુ અવસ્થામહીં હે જનેતા,
કીધું હતું મેં પયપાન તારું!
કુસંગ થાતા વિષયે ભ્રમાયો,
અશાંતિમાં શ્રેય થયું ન મારું!
ગોદે ભરાયો અવ થાકી થાકી,
પોઢાડ માડી ચિત્ત શાંત રાખી!

૪૭

ઉધ્ધારવા કાળજી લો હવે મા
નાગો વડે દે મજબૂત બાંધી!
મુકુટમાં બાલ શશી ખરાબ,
નાશી જશે બ્હાનુ કરી ઉપાધિ!

આ છે જગન્નાથની વેળ આખરી
હે દેવમાતા, તકના મળે ફરી !

૪૮

બિરાજતી તું મગરે ચતુર્ભુજ,
સફેદ આભૂષણથી સુસજ્જ !
છે શારદીપૂર્ણ શશી સમાન
શ્રી અંગ તારું શુચિશ્વેત સુંદર !
તેનું કરો જીવ સદૈવ ધ્યાન,
ને મેળવો નિર્ભયતાનું દાન !

૪૯

દાવાનલે તપ્ત જીવો કરે તું
સુધા સ્વરૂપી સ્મિતથી પ્રસન્ન !
જાણે ચમત્કારથી ચંદ્રિકાના
સુખી બને શીતલ જીવ ભ્રાન્ત !
હે માત ! હે શાન્તનુ સ્ત્રી પવિત્ર !
કલ્યાણ મારું કરજે અનંત !

૫૦

સંસારનો સર્પ ડસ્યો મને અરે,
બન્યા નકામા સુર, મંત્ર, જંત્ર,
શક્યા ઉતારી વિષ ગારુડી ના,
તમે જ છો એક હવે સમર્થ :
વિષ્ણુપદી, કાલિય નાથનારા,



શ્રીપાદ પ્રક્ષાલન કૃષ્ણના કર્યા !
શ્રી પાદ્ધોયા પ્રભુપ્રેમ પ્યારા !

૫૧

હાર્યા દ્યૂતે શંકર, હોડમાં મૂક્યા :
નંદી, બધા સેવક, ચર્મ, ચંદ્રમા—
ને પાર્વતીનો કરતા વિચાર :
સ્મિતે નિહાળે ગિરિજા કટાક્ષમાં !
તરંગ ઊઠ્યાં ખખળી વિચિત્ર,
એ તાંડવી નૃત્ય કરો પવિત્ર !

૫૨

અનંગ શત્રુ શિર શોભતી જે
ચપીડા કરો સત્વર દૂર સૌની !
સૌની કરો સત્વર દૂરપીડા !
કરી કરી સુંદર વીચિ ક્રીડા !
ગંગા કરો પાવન અંગ મારું

(અનુષ્ટુપ)

જગન્નાથે રચેલી આ પિયૂષ લહરી યદા
પઢશે, મળશે તેને સદૈવ સુખ સંપદા.

(સંપૂર્ણ)

# વિવેક

—સ્વામી ચિદાનંદ

વિવેકની જાગૃતિ સતત સત્સંગ અને શ્રુતિઓ તથા સ્મૃતિઓના શ્રવણથી થાય છે. જેઓએ પોતાના પૂર્વજન્મમાં અગણિત સુકર્મો કર્યાં હશે તેમને જ પ્રભુકૃપાથી આ જન્મમાં સાધુ સંતોનો અને જ્ઞાની—સંન્યાસીઓનો સમાગમ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે—

**“સત સંગતિ સંસૃતિ કર અંતા,**
**પુણ્ય પુંજ બિન મિલહિ ન સંતા.”**

અથવા **सतां सषिमः संगः कथमपि हि पुण्येन भवति ।**

એક વખત ભોગવેલ સુખ અને આનંદનું મન પુનરાવર્તન ઇચ્છે છે. ભોગવેલ સુખની યાદ મનમાં જાગ્રત થાય છે. આ યાદ આવતાં વિચારો અને કલ્પના પેદા થાય છે. આ રીતે આસક્તિ વધે છે. સુખ—ભોગની પુનરાવૃત્તિથી તેની ટેવ પડે છે. ટેવમાંથી પ્રબળ તૃષ્ણા જાગે છે અને પછી મન ગરીબ, નિઃસહાય, નબળી ઇચ્છાશક્તિવાળા સંસારી જન ઉપર પોતાનો અધિકાર ચલાવે છે. પરંતુ જેવો વિવેક જાગ્રત થાય છે કે તરત જ મન ઢીલું પડતું જાય છે અને અંતે તે પોતાના મૂળસ્થાન હૃદય તરફ પીછે હઠ કરે છે. વિવેકથી તેના ભયાનક ઝેરી દાંત ખેંચી કાઢવામાં આવે છે. તે વિવેકની હાજરીમાં કંઈ જ કરી શકતું નથી. તે પદભ્રષ્ટ થાય છે. જ્યારે વિવેક નબળો પડે છે ત્યારે ઇચ્છાશક્તિ પ્રબળ બનતી જાય છે. આ દુઃખપૂર્ણ સંસારમાંથી



મુક્તિ અપાવનાર એ વિવેકને ધન્ય છે. તે કાયમી અને ક્ષણિક, નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચેના વિવેકને આભારી છે. તેને કહે છે નિત્ય—અનિત્ય વસ્તુ વિવેક, સાચા અને જૂઠાનો વિવેક, સત્ અને અસત્‌નો વિવેક. તત્ત્વ એટલે સાર અથવા સિદ્ધાંત. અતત્ત્વ એટલે અસાર. વિવેકનો જન્મ ઈશ્વરકૃપાથી થાય છે અને સ્વાધ્યાય તથા સત્સંગથી તે દૃઢ બને છે.

વિવેક એટલે સત્ત્વ અથવા શુદ્ધિ સંબંધી સદ્‌ગુણ. તે કાયમી અને ક્ષણિક તથા આત્મા અને અનાત્મા વચ્ચેનો ભેદ પારખે છે. વિવેક એટલે યોગ્ય વખતે યોગ્ય જગ્યાએ યોગ્ય વસ્તુ કરવાની કે આચરવાની શક્તિ. જો તમારામાં વિવેક હશે તો તમારામાં અક્ષય વૈરાગ્ય પેદા થશે. વિવેક ઈશ્વર કૃપા, નિષ્કામ સેવા, ચિંતન અને સ્વાધ્યાયથી આવશે. આ ગુણને સતેજ અને ઉજ્જવળ રાખો. જો તમે કાળજી ન રાખો, સાવધાની કે જાગૃતિ ન રાખો, જો તમારાં વૈરાગ્ય અને સાધનામાં શિથિલતા આવે કે તમે સંસારી લોકો સાથે ખૂબ છૂટથી હળો મળો તો અવશ્ય તમારામાં વિવેક કુંઠિત થઈ જાય. માટે સાવધાનીપૂર્વક વર્તો.

વિવેક તો ચાળણી જેવો છે. તે બધી જ અનિચ્છનીય બાબતોને દૂર કરે છે અને કેવળ ઇચ્છનીય અને સાચી વસ્તુ—આત્માનો જ સ્વીકાર કરે છે. જો વિવેક બરાબર દૃઢ નહીં હોય તો તે ઈશ્વરની જેમ ઊડી જશે. માટે હંમેશા વિવેકનું રક્ષણ કરો અને તેને વધુ ને વધુ તીવ્ર બનાવો. તેથી ‘વિચાર’ આપોઆપ આગળ વધશે. ‘વિચાર’ એ તો વિવેકરૂપી બળતી ધૂપસળીથી ફેલાતી સુવાસ છે. વિચાર એટલે “હું કોણ છું” તેની શોધ.

સતત મહાવરાથી અથવા અભ્યાસથી વિવેક અને વિચાર સ્વાભાવિક બની જશે. કામ કરતાં કરતાં પણ આનો અભ્યાસ થઈ શકે છે. જો તમારામાં વિવેક અને વૈરાગ્ય નહીં હોય તો છિદ્રાળુપાત્રમાંથી ઝરતા પાણીની જેમ તમારી શક્તિ મુક્ત રીતે સ્રવી જશે; પરંતુ જો તમારામાં વિવેક અને વૈરાગ્ય દૃઢ થયા હશે તો તે 'નિરોધ સંસ્કાર'નું કામ કરશે.

વિવેક અને વિચારના અભ્યાસ માટે શરૂઆતમાં ખાસ ઈરાદાપૂર્વકના પ્રયત્નો કરવાની જરૂર પડે છે. પછીથી સતત અભ્યાસને કારણે તે સ્વાભાવિક બની જાય છે અને તમારામાં તે દૃઢ બની જાય છે. વિવેક અને વૈરાગ્ય એ કેવળ સદ્‌ગુણો જ નથી, તે તો નિયમિત અને દૈનિક અભ્યાસના પ્રકાર અથવા રીતિ બની જાય છે. જ્યાં સુધી વિવેક અને વિચાર તમારામાં સ્વાભાવિક ન બને ત્યાં સુધી તમારે તેનો અભ્યાસ ચાલુ રાખવો જોઈએ. આગળ કહેલાં સૂત્રો ઉપર સતત ધ્યાન ધરો. **(ब्रह्म सत्यं जगन्मिथ्या, जीवो ब्रह्मैव नापरः।)** આથી વિવેક અને વૈરાગ્ય પેદા થશે.

જો તમે તમારી સાધનામાં નિયમિત અને સાવધાન નહીં રહો તો વિવેક ક્ષીણ થશે. માટે વિવેકને તીવ્ર બનાવો. જો તમારામાં વિવેક હશે તો તો તમારામાં અનંત વૈરાગ્ય પેદા થશે. જ્ઞાનની ઈમારત વિવેકના મજબૂત પાયા ઉપર જ ઊભી થઈ શકે છે.



# કર્મ અને અકર્મની સમજ ! કર્મમાં અકર્મનું દર્શન

**—યોગેશ્વરજી**

પોતાના અવતાર વિશે વાત કરતાં ભગવાન એક બીજી જરૂરી વસ્તુ તરફ આપણું ને અર્જુનનું ધ્યાન ખેંચે છે. તે કહે છે કે, 'અવતાર લઈને હું જુદાં જુદાં કર્મ કરું છું. પરંતુ કર્મો મને બાંધી શકતાં નથી. તે પ્રમાણે આ સંસારમાં માણસ કર્મ કરે, પણ કર્મથી બંધાય નહીં, તે માટે સાવધ રહેવું જોઈએ.' આ માટે ભગવાન કર્મ ને અકર્મની વિચારણા રજૂ કરે છે ને કહે છે કે, જે માણસ બુદ્ધિમાન ને કર્મના રહસ્યને સાચા અર્થમાં જાણવાવાળો છે. તે વાંચીને કે સાંભળીને કેટલાક માણસો મૂંઝવણમાં પડે છે ને તરત પૂછવા માંડે છે કે કર્મ ને અકર્મ એટલે શું ? તથા કર્મમાં અકર્મ ને અકર્મમાં કર્મનું દર્શન કેવી રીતે થાય? તેમના સમાધાન માટે થોડીક વિચારણા કરી લઈએ.

જે માણસો પ્રવૃત્તિ કર્યા કરે છે તેમને કેટલાક કર્મઠ કહે છે ને જે પ્રવૃત્તિ કરતા દેખાતા નથી ને બાહ્ય દૃષ્ટિએ નિવૃત્તિપરાયણ જેવા લાગે છે, તેમને અકર્મી તરીકે ઓળખાવે છે. પણ ગીતામાતાને એ વાત મંજૂર નથી. તે જાહેર કરે છે કે કર્મ કરવા છતાં માણસ અકર્મી રહી શકે છે. કર્મ ને અકર્મના ભેદ ઉપરઉપરના છે. ડાહ્યો માણસ તે ભેદની પાર પહોંચી જાય છે. કર્મ ને અકર્મ અલગ અલગ નથી. માણસે કર્મમાં અકર્મનું દર્શન કરવું જોઈએ. એટલે કર્મ કરવા છતાં કૈં ના કરતો હોય તેવી

દશાનો અનુભવ કરવો જોઈએ ને કર્મ કરવા છતાં કર્મની અસરથી મુક્ત રહેવું જોઈએ. આ માટે કેટલીક વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છે. આપણે જોઈએ છીએ કે માણસોમાં કર્તાપણાનું અભિમાન હોય છે. આ કામ મેં કર્યું, હું ના હોત તો આ કામ થાત જ નહીં, એવો અહંકાર માણસોના મનમાં ભરેલો હોય છે. તે અહંકારનો ત્યાગ કરવાની જરૂર છે, ને આપણાથી કાંઈ જ થઈ શકે તેમ નથી, ઈશ્વર જ બધું કરાવે છે, એમ માનીને નમ્રતા ધારણ કરવાની જરૂર છે. અર્જુનને આ જ ઉપદેશ આપવામાં આવ્યો છે કે અર્જુન, તું લડીશ તો જ આ યોદ્ધાનો નાશ થશે એવો મિથ્યા અહંકાર રાખીશ નહીં. યોદ્ધાઓ તો મરવાનાં જ છે. તું તો મારા હાથમાં હથિયાર બન ને મારી આજ્ઞા માનીને યુદ્ધ કર. તો કર્મ કરવા છતાં પણ તું કર્મની અસરથી મુક્ત રહીશ. ભાગવતમાં એક પ્રસંગ આવે છે : એકવાર ગોપીઓને વિચાર થયો કે દુર્વાસાને ભિક્ષા કરાવવી. દુર્વાસાનું સ્થાન જમનાજીને સામે કિનારે હતું ત્યાં જવા માટે જમનાને પાર કરવી પડે. ગોપીઓથી કેવી રીતે થાય? તેમણે ભગવાન શ્રીકૃષ્ણની આગળ પોતાની ચિંતા રજૂ કરી. ભગવાને કહ્યું, એમાં ડરવાનું કે ચિંતા કરવા જેવું શું છે? જમનાજી પાસે જઈને કહેજો કે, હે જમનામૈયા, જો શ્રીકૃષ્ણ બાલબ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો તો તે તરત માર્ગ આપશે. ગોપીઓ તો આ સાંભળીને નવાઈ પામી. કૃષ્ણને તો અનેક રાણીઓ હતી. તેમને બાલબ્રહ્મચારી કેવી રીતે કહેવાય? પણ કૃષ્ણ ભગવાને કહ્યું કે, મારી વાતમાં તમે શંકા ના કરશો. તેને અજમાવી જુઓ એટલે તમારી શ્રદ્ધા વધી જશે. ગોપીઓ તો ચાલી નીકળી. જમનાજી



પ્રચંડ વેગમાં વહી રહી હતી. ત્યાં આવીને તેમણે કહ્યું કે, જો શ્રીકૃષ્ણ બાલબ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો. તો જમનાજીએ તરત માર્ગ આપ્યો. જમનાને પાર કરીને તે દુર્વાસામુનિના આશ્રમમાં ગઈ. દુર્વાસામુનિને ભિક્ષા કરાવી, ભિક્ષા પૂરી થયા પછી ઘેર જવા રવાના થતાં તેમને ફરી એ જ ચિંતા ઊભી થઈ કે જમનાજીને પાર કેવી રીતે કરીશું ? તેમની ચિંતા જાણીને દુર્વાસામુનિએ પૂછ્યું કે, આટલી મોટી જમનાને પાર કરીને તમે આવ્યાં કેવી રીતે ? તેમણે ભગવાને કહેલો ઉપાય બતાવ્યો. તે સાંભળીને મુનિએ કહ્યું, ત્યારે હવે જતી વખતે બીજો ઉપાય અજમાવો. જમનાજીને કહેજો કે, દુર્વાસા સદા ઉપવાસી હોય તો અમને ફરીવાર માર્ગ કરી આપો. ગોપીઓને ફરી નવાઈ લાગી. પોતાની સામે આટલી બધી ભિક્ષા ખાઈ ગયા ને એક નહીં પણ અનેક થાળ સાફ કરી ગયા, તોય દુર્વાસા પોતાને ઉપવાસી કહે છે, એ કેવી રીતે માની શકાય? પણ કર્તાપણાંના અભિમાનથી મુક્ત થઈને કરું છું. ભિક્ષા તો હું શરીરની અંદર બેઠેલા પરમાત્માને જ અર્પણ કરું છું. એટલે હું સદાય ઉપવાસી છું. તે પ્રમાણે શ્રીકૃષ્ણ પણ સ્ત્રીઓની વચ્ચે રહેવા છતાં અહંભાવથી રહિત ને વિષયાસક્તિથી મુક્ત છે એટલે બ્રહ્મચારી જ છે, એમાં શંકા નથી. એ સાંભળીને ગોપીઓને સંતોષ થયો. જમનાજીએ તેમને માર્ગ કરી આપ્યો ને તે ઘેર આવી.

એટલે કર્મમાં અકર્મની દશા માણવા માટે, કર્મ કરવા છતાં પણ અકર્તા રહી શકાય તે માટે માણસે ‘હું કરું છું’ એવા કર્તાપણાના અભિમાનમાંથી છૂટવાની જરૂર છે. અહંકારનો

ત્યાગ કરીને નમ્ર બનવાની જરૂર છે. તે પછી જે કામ કરવામાં આવે તે પ્રભુપ્રીત્યર્થે કરવાની જરૂર છે. સંસારમાં એક ઈશ્વર જ રહેલા છે ને સંસાર ઈશ્વરનું જ સ્વરૂપ છે, એમ માનીને સદા તેની સેવા કરવાની જરૂર છે. કોઈને કાંઈપણ આપવાનો પ્રસંગ આવે તો તેને ઈશ્વરનો પ્રતિનિધિ સમજી જે આપવું હોય તે આપવાથી લાભ થશે. મહાપુરુષો કહી ગયા છે કે, દુઃખી, અપંગ, ભૂખ્યાં ને અનાથમાં પણ ઈશ્વરનું દર્શન કરો. તેમની અંદર રહેલા ઈશ્વરને તમારી સેવા અર્પણ કરો. એમના કથન પ્રમાણે આજે પણ કેટલેક ઠેકાણે દીન ને દુઃખીની સેવા થાય છે; નગ્ન ને ચીંથરેહાલને વસ્ત્રો અપાય છે ને ભૂખ્યાંને અન્નનું દાન દેવાય છે. ભારતના ઋષિવરોએ ફક્ત માનવમાં નહીં, પણ જીવમાત્રમાં ઈશ્વરનું દર્શન કરવાનું કહ્યું છે, ને જીવમાત્રની સેવા કરવાનો સંદેશ આપ્યો છે. આ આખુંયે જગત ઈશ્વરના નિવાસરૂપ છે ને ઈશ્વરથી છવાયેલું છે. તેમાં વસનારા જીવો ઈશ્વરના પ્રતિનિધિ જેવા છે. તેમનામાં માણસે ઈશ્વરનું દર્શન કરતાં શીખવાનું છે. જેને જગતના જુદા જુદા જીવોમાં ઈશ્વરનું દર્શન નહીં થાય તેને બીજે કોઈયે ઠેકાણે નહીં થશે. આપણે ત્યાં સાધુસંન્યાસીને માટે ભિક્ષાની પ્રથા છે. સાધુસંન્યાસી ઘરને આંગણે આવી ઊભા રહે છે ને નારાયણ હરિ બોલે છે. તે સાંભળીને કેટલાક મોં બગાડે છે, તો કેટલાક બકવાદ કરે છે. શા માટે? કેમ કે તેમને લાગે છે કે આ એક બલા આવી. કોઈ માણસ આવે તો પણ તેમને એવું જ ખરાબ લાગે છે, પણ તેમાં સમજણનો દોષ રહેલો છે. સાધુસંન્યાસી કે માગણ આપણે ત્યાં આવીને નારાયણ હરિ બોલે છે તે શા માટે? એટલા માટે કે તે



આપણને એક અમૂલ્ય વસ્તુની યાદ કરાવે છે. તે કહેવા માગે છે કે જોજો, મને કોઈ સાધારણ માગણ માનતા નહીં; મને બોજારૂપ સમજીને કાંઈક આપવું પડશે એમ માનીને મોં પણ બગાડતા નહીં. મારામાં નારાયણ પોતે છે. ભગવાન નારાયણ કે હરિ પોતે મારા રૂપમાં પધાર્યા છે. માટે ઇચ્છા હોય ને કરી શકાય તો મારી સેવા કરજો ને ખૂબ નમ્રતાપૂર્વક, બીજા કોઈયે પ્રકારની માગણી કર્યા વિના, તે ઘરને આંગણે ઊભો રહે છે. આપણે કાંઈ આપીએ તો ઠીક, ને ના આપીએ તો ઠીક, થોડીવાર રાહ જોઈને, જરાય બડબડાટ કર્યા વિના તે ચાલવા માંડે છે. આપણા ઋષિઓએ કહ્યું છે કે, અતિથિને દેવ જેવા માનજો. પણ એ આજ્ઞાનું પાલન હવે આપણામાં ઓછું થતું જાય છે. આજે અતિથિ પણ જાતજાતના ને ભાતભાતના વધી પડ્યા છે, છતાં વિવેકને જાગ્રત રાખીને, સૌમાં ઈશ્વરની ઝાંખી કરવાની, પ્રવાસ કરતા રહી, બીજાને બનતી મદદ કરીએ, તો તે પદ્ધતિ આપણને પોતાને જ લાભકારક થશે, એમાં સંદેહ નથી.


**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# ઈશ્વર સાક્ષાત્કાર

**–વિનોબા ભાવે**

['ભક્તિ-દર્શન' પુસ્તકમાંથી 'ઈશ્વર-સાક્ષાત્કાર' પ્રકરણને ટૂંકાવીને અહીં પ્રકાશિત કરવામાં આવ્યું છે. રીડગુજરાતી.કોમ વેબ સાઈટ પરથી આ લેખ લેવામાં આવ્યો છે.]

પરમાત્માના દર્શન થવાં, ઈશ્વરનો સાક્ષાત્કાર થવો આ ભારે ગહન પ્રશ્ન છે. જ્યાં સુધી મનને પેલે પાર શી રીતે જેવું આનો ઉત્તર ન મળે ત્યાં સુધી આ પ્રશ્નનો ઉત્તર પણ ન મળી શકે. જાગૃતિ-સ્વપ્ન બધું જ મનની અંદર છે. મનથી ઉપર ઊઠીશું તો જ ઈશ્વરસ્વરૂપનું દર્શન થશે. બાકી ઈશ્વરદર્શન માટે ક્યાંય દૂર જવાની કોઈ જરૂર નથી. એની અનુભૂતિ તો અંતરમાં જ થાય છે. તમે સૌ અહીં બેઠાં છો. આ ઝાડ છે, ત્યાં પશુ-પંખી છે. સહુમાં ઈશ્વર જ ઈશ્વર દેખાય, સર્વત્ર હરિદર્શન થાય, આ જ સાચું ઈશ્વરદર્શન છે.

તમે પોતે એક ચૈતન્યમય પુરુષ છો. તમારા પગ પર એક નાનકડી કીડી ચડી જાય છે. કીડી માણસના પગ પર આવીને બેઠી છે, તો પણ એને જ્ઞાન નથી કે એ કોઈ જીવંત ચીજના સ્પર્શમાં છે. એના માટે તો માણસનો પગ એ પણ એક પદાર્થ જ છે. આવું જ આપણું છે. કીડીને જીવંત સ્પર્શનું જ્ઞાન નથી. પગ પર બેઠી હોય તો પણ જાણે માટીના ઢેફા પર બેઠી હોય, આટલું જ તે જાણે છે. આ જ રીતે આપણે ઈશ્વરને આલિંગન દઈને બેઠા હોઈએ, તો પણ આપણને ઘર, ઘર દેખાય છે; ઝાડ, ઝાડ દેખાય છે; જમીન, જમીન દેખાય છે. આ બધાંમાં ઈશ્વર નથી



દેખાતા. બાકી તો આપણે ઈશ્વરના ખોળામાં જ બેઠેલા હોઈએ છીએ. આમ, સ્પર્શ છે, પરંતુ જ્ઞાન નથી.

એકનાથનું ભજન છે. **साखर दिसे परी गोडी न दिसे** સાકર દેખાય છે પરંતુ એની મીઠાશ દેખાતી નથી. મીઠાશ તો ચાખવાથી જ સમજાય. આ જ રીતે અભિમાન છૂટે ત્યારે જ પ્રત્યેક ચીજમાં ઈશ્વરનું રૂપ દેખાય. પછી જે કાંઈ જોઈશું તે ઈશ્વરમય દેખાશે. બુદ્ધિને નહીં સમજાય, પરંતુ અનુભવ આવશે. સાક્ષાત્કારનો અર્થ છે-ચિત્તને જે ચિંતન દ્વારા માન્ય થયું તેનું આંખોથી દર્શન થવું. ચિંતનથી તો સમજાયું કે પ્રાણીમાત્ર એક છે ! પરંતુ આંખો વડે એવું દેખાવું પણ જોઈએ. કીડી ચાલી રહી છે તો ભગવાન ચાલી રહ્યા છે, એવું દેખાવું જોઈએ. માણસ, ગાય, ઝાડ, પથ્થર, આ બધામાં ભગવાન છે; આ જ્ઞાન પ્રાપ્ત કરવાની પહેલી જરૂરિયાત છે. જ્ઞાન પ્રાપ્ત થયું તો એક અવસ્થા પ્રાપ્ત થઈ, પરંતુ એનાથી પણ આગળ જવાનું છે. રામની મૂર્તિ સામે કોઈ ઊભું રહે છે તો એને એ મૂર્તિમાં રામનાં દર્શન થાય છે. પરંતુ માણસની મૂર્તિમાં રામનાં દર્શન નથી થતાં. એનો અર્થ છે કે સાક્ષાત્કાર નથી થયો. શ્રદ્ધાને કારણે એક સ્થળે આસ્થા બેસી ગઈ એટલે ત્યાં દર્શન થયાં. સાક્ષાત્કારનો અર્થ છે, સર્વત્ર ભગવદ-દર્શન ! આપણી આસપાસ આપણને વિવિધ પ્રકારનાં દર્શન થાય છે. ભાતભાતના સ્વભાવના લોકો હોય છે. સૃષ્ટિનાં પણ વિવિધ રૂપ હોય છે. એ સહુમાં ભગવાન ભરેલો છે, આવું દર્શન જ્યાં સુધી નથી થતું ત્યાં સુધી આત્મસાક્ષાત્કાર નહીં થાય. પ્રત્યેક સ્થાનમાં રામને જુઓ. પર્વત જુઓ તો વિચારો કે **स्थावराणां हिमालयः ।** નદી જોઈ, તો માનો કે

**स्रोतसामस्मि जाह्नवी।** ધીરે ધીરે બધે રામ દેખાય અને બધાં કામ રામની પૂજા બની જાય. **जहँ जहँ डोलौं सो परिकरमा, जो कुछ करौ सो सेवा।** આ પ્રકારે માણસને ભગવાનના દર્શન થવા જોઈએ. આસપાસની જેટલી સૃષ્ટિ દેખાય, તે બધામાં ભગવદ-દર્શન થવું જોઈએ. સૃષ્ટિમાં જે પરમાત્મા ભરેલો છે, તેના ખુલ્લી આંખોએ દર્શન કરીએ.

ઈશ્વરની સૃષ્ટિ સર્વાંગસુંદર છે. ઈશ્વરીય રૂપ પ્રત્યેક ચીજમાં ઓતપ્રોત છે. કોઈ સીધોસાદો થાંભલો જોઈએ તો એમાં ઈશ્વરની સમતાના દર્શન થાય છે. કોઈ નકશીદાર સ્થંભ જોઈએ તો એમાં આકાશમાં ભાતીગળ ભરત ભરનારા પરમેશ્વર દેખાય. કોઈ કાપકૂપ કરેલા વ્યવસ્થિત ઉગાડેલા બાગમાં ઈશ્વરનું સંયમી રૂપ દેખાય છે, તો કોઈ વિશાળ વનમાં ઈશ્વરની ભવ્યતા અને સ્વતંત્રતાના દર્શન થાય છે. જંગલમાં પણ આનંદ મળે છે અને વ્યવસ્થિત બગીચામાં પણ. આનંદ બંનેમાં થાય છે, કારણ કે પ્રત્યેકમાં ઈશ્વરીય ગુણ પ્રગટ થયો છે. પરમેશ્વર સર્વત્ર જુદી-જુદી વસ્તુઓમાં જુદા જુદા ગુણો દ્વારા પ્રગટ થયો છે એટલે આપણને આનંદ થાય છે અને એ વસ્તુ પ્રત્યે આત્મીયતા પણ અનુભવાય છે. બાળકને જોતાં જ મા રાજીરાજી થાય છે. કારણ કે એ સંબંધને ઓળખે છે. આ રીતે દરેક વસ્તુ સાથે પરમેશ્વરનો સંબંધ જોડો. મારામાં જે પરમેશ્વર છે તે જ પેલી વસ્તુમાં પણ છે. આ રીતનો સંબંધ વધારવો એટલે જ આનંદ વધારવો. આનંદની બીજી કોઈ ઉત્પત્તિ નથી. બધા સ્થળે પ્રેમનો સંબંધ જોડો, પછી જુઓ, કેવો ચમત્કાર થાય છે ! પછી અનંત સૃષ્ટિમાં વ્યાપેલા પરમાત્મા અણુઅણુમાં દેખાશે. એક વાર આ દૃષ્ટિ આવી જાય, પછી શું જોઈએ ? પરંતુ આના માટે ઈન્દ્રિયોને ટેવ પાડવી જરૂરી છે. આપણી ભોગવાસના છૂટીને જ્યારે આપણને પ્રેમની પવિત્ર દૃષ્ટિ પ્રાપ્ત થશે, ત્યાર બાદ આપણને દરેક ચીજમાં ઈશ્વર દેખાશે. આપણી સમક્ષ ઊભેલી વ્યક્તિ, સમાજ કે સૃષ્ટિને આઘે ખસેડી ભગવાનના દર્શનની ઈચ્છા કરવી, એટલે આપણું પોતાનું જ નિરાકરણ કરવું. પછી તો આપણે આપણે જ રહેતાં નથી. એટલે ધ્યાનમાં રહે કે આપણે હરપળ સાક્ષાત ભગવદમૂર્તિ સાથે વહેવાર કરી રહ્યા છીએ. ઉપનિષદે ગાયું છે કે જ્યારે પ્રત્યેક સાક્ષાત્કાર અને પ્રત્યેક બોધ સાથે હરિબોધ થશે, ત્યારે સાચો સાક્ષાત્કાર થયો કહેવાશે.



આપણે કેવળ આપણા એક શરીરમાં જ નથી રહેતા, સૌ શરીરોમાં આપણે જ રહીએ છીએ, માણસોમાં, પ્રાણીઓમાં, વૃક્ષોમાં, બધે જ આપણે અને આપણે જ છીએ. સર્વત્ર પરમાત્મા વ્યાપેલો છે, આ અનુભવ આવ્યો તો સમજીએ કે આત્મસાક્ષાત્કાર, ઈશ્વરસાક્ષાત્કાર થઈ ગયો. ચાલતાં, ખાતાં-પીતાં, કામ કરતાં જે કોઈ સામે આવ્યું તે ઈશ્વરરૂપ જ છે, આવું થાય તો આત્મસાક્ષાત્કાર થયો. થાય છે શું ? આ અમારો મિત્ર છે ! એના પર આપણો વિશેષ પ્રેમ ! આ અમારો વેરી ! એના માટે દ્વેષ ! આ અમારો સાથી, આ અમારું કુટુંબ ! આપણા કુટુંબની ચિંતા આપણે કરીશું, બીજાના કુટુંબની ચિંતા બીજો કરશે. આ કાંઈ આત્મસાક્ષાત્કાર નથી. નાનકે થોડામાં કહી દીધું. **सब महं रम रहिया प्रभु एकै**-પરમાત્મા સૌના હૃદયમાં વિરાજમાન છે. ધ્યાનમાં રહે કે અંદર એક રોશની છે, એને પ્રજ્વલિત કરવાની છે. ઈશ્વરનાં ત્રણ રૂપમાં સાક્ષાત્કાર થાય

છે-આમ જનતા રૂપે; વિશાળ પ્રકૃતિ રૂપે અને ત્રીજા, અંતર્યામી રૂપે. ત્રણે મળીને જ પરમાત્મ-સાક્ષાત્કાર પૂર્ણ થાય છે. આપણે ઈશ્વરને ઓળખ્યા એવું ત્યારે જ મનાશે જ્યારે આપણામાંથી પોતીકા-પરાયાનો ભેદ મટશે. જેનામાં ઈશ્વરની ભક્તિ છે, એ કોઈને પારકા ન માની શકે. જે છે તે આપણું જ રૂપ છે. તમામ સંતોએ આ જ વાત કહી છે. નાનક કહે છે, **बिसर गई सब तात पराई । जब ते साधु संगत मोहि पाई**-જ્યારથી સાધુઓની સંગતમાં છું, ત્યારથી હે પિતા! હું તારો-મારો ભેદ ભૂલી ગયો છું. પ્રત્યેક ચીજની પાછળ જે મૂળતત્ત્વ છે, એનું મહત્ત્વ પિછાણીએ. એ જ ઈશ્વરદર્શન છે. એ સર્વવ્યાપી અને પૂર્ણ છે. સામે જે કાંઈ પણ દેખાય છે, તે ઈશ્વર જ છે. બાહ્ય આકારથી ઉપર ઊઠીને ભીતરના મૂળતત્ત્વને ઓળખીએ. જે પરમાત્મા અંદર છે, તે જ બહાર છે. બહારનો પરમાત્મા આંખોમાં આવશે, અંદરનો પરમાત્મા ચિત્તમાં આવશે. બહાર જે પરમાત્મા છે, તેને **खुले नैन पहिचानौं हंसि हंसि सुंदर रूप निहारौं ।** ભગવાન અંદર-બહાર સર્વત્ર છે, આંખોને દેખાઈ રહ્યો છે. પરંતુ આપણે કહીએ છીએ કે હું તો આંખો બંધ કરીને એને જોઈશ. આપણે ભગવાનને આપણી સામેથી દૂર ખસેડી દઈએ છીએ અને ક્યાંક અંદર નાંખી દઈએ છીએ. હકીકતે અંદર-બહાર એવો કોઈ ભેદ નથી. એટલે જ્યાં સુધી દ્વૈત રહેશે, ત્યાં સુધી તત્ત્વદર્શન નહીં થાય. સર્વત્ર હરિ છે. આ વાતનો અભ્યાસ કરો. આપણને ન બહારનો ડર છે, ન અંદરનો. ડર તો આપણા ચિત્તમાં છે. એટલે પહેલાં તો ચિત્તને હઠાવો. અંદરનું ન હઠી શકે, ન બહારનું. હઠાવવાની ચીજ છે ચિત્ત. બહાર બ્રહ્મ છે,



અંદર બ્રહ્મ છે, વચ્ચે ભ્રમ છે, ચિત્ત છે. ચિત્તથી મુક્ત થઈ ગયા કે વાત પૂરી થઈ.

સૌ ભૂતોમાં સામ્યદર્શન, આ જ ઈશ્વરદર્શનનો અર્થ સમજવો. ગીતાએ પણ કહ્યું છે કે જેનું ચિત્ત સામ્યમાં સ્થિર થયું, તે બ્રહ્મમાં સ્થિર થયો. સૌ ભૂતોમાં મને સંપૂર્ણતઃ સામ્યદર્શન થયું એવું નિશ્ચિતપણે ક્યારે સમજાય? જ્યારે સૌ ભૂતો મારા તરફથી નિઃશંક, નિર્ભય બનશે ત્યારે. ગીતાએ ભક્તલક્ષણમાં કહ્યું જ છે, **यस्मान नोद्विजते लोकः ।** ભગવદગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગીના વ્યાપક આત્મદર્શનની અને વ્યાપક ઈશ્વરદર્શનની વાત બતાવી છે. વ્યાપક આત્મદર્શનમાં યોગી સૌ ભૂતોને આત્મામાં અને આત્માને સૌ ભૂતોમાં જુએ છે. અને વ્યાપક ઈશ્વરદર્શનમાં પોતાના સમેત સૌ ભૂતોને ઈશ્વરમાં ને ઈશ્વરને સૌ ભૂતોમાં જુએ છે. ઈશ્વર, ભૂત અને આત્માના એકત્વમાં એ સ્થિર થઈ જાય છે. ઈશ્વરદર્શનની આ પરિપકવ અવસ્થા છે. સર્વાત્મક ઈશ્વરનું આ દર્શન જેના જીવનમાં ખીલી ઊઠે, એના સંપૂર્ણ જીવનને ભક્તિનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. એની પ્રત્યેક કૃતિ ઈશ્વર-ભજનરૂપ બને છે. એ ક્યાંય પણ રહે, ગમે તે રીતે રહે, ઈશ્વરમાં જ રહે છે. જેમ પાણીનું મોજું પાણીમાં જ રહે છે, એ જ રીતે એ ઈશ્વરમાં જ રહે છે. આવા ભક્તનું ખાવું, પીવું, બોલવું, બેસવું, બધું ઈશ્વરમાં જ થાય છે. એ ખાય છે તો પણ ઈશ્વર, પીએ છે તો પણ ઈશ્વર. સંજોગોવશાત જે કોઈ ભોગનો સ્વીકાર કરશે તે પણ ઈશ્વરસ્વરૂપમાં સ્થિર થઈને કરાશે. એટલે યોગીના ભોગને પણ ભક્તિનું સ્વરૂપ આવે છે. ગંગાનું મોજું આવ્યું, એ મોજું પાણી

પર જ રહે છે, એ જ રીતે યોગી ક્યાંય પણ હોય, કેવો પણ હોય તો ય તે ઈશ્વરમાં જ રહે છે. કોઈના પર ગુસ્સે થાય તો પણ તે ઈશ્વરમાં જ રહે છે. એનો ગુસ્સો પણ સામેની વ્યક્તિ સાથે તેની એકતામાંથી જ ઉત્પન્ન થાય છે. એ નિરંતર ઈશ્વરમાં જ વસે છે.

પરમાત્માનું દર્શન જુદી જુદી વ્યક્તિઓને જુદું-જુદું થઈ શકે છે અને એવું થવું અનિવાર્ય પણ છે. હું પરમાત્માનું એક રૂપ જોઉં છું, બીજો બીજું રૂપ જુએ છે, ત્રીજો ત્રીજું રૂપ જુએ છે. આ ત્રણેય મળીને જે છબી સામે આવે, તેમાં પરમેશ્વર-દર્શનનો એક ભાગ પ્રગટ થશે. ગુરુ નાનક, મીરાં, લલ્લેશ્વરી, કબીર જેવા ઘણા સંતો-ફકીરો થઈ ગયા. એમાંના દરેકને જે અનુભૂતિ થઈ, તે જરૂર એકબીજાની જુદી થઈ, પરંતુ એકબીજાથી વિરુદ્ધ નહીં કહેવાય. તેઓ એકમેકનું અનુમોદન કરે છે. એમના અનુભવોનાં સરવાળો કરીશું તો પણ પરમેશ્વર-દર્શનનો એક અંશ, એક ભાગ જ મળશે અને તો ય ઈશ્વર તો બાકી જ રહેશે, કારણ કે એ બાકી રહેવાનો જ છે. પરમાત્મા કોઈ નાનકડી ચીજ તો છે નહીં કે આમતેમ જોઈને કહી શકાય કે આ જ એનું રૂપ છે. પોતે નક્કી કરેલું રૂપ જ ભગવાનનું રૂપ છે, એવું કોઈ કહી ન શકે. એટલે જે કોઈને ઈશ્વરનું દર્શન થયું એને પરમેશ્વરના એક અંશનું, તે પણ સાવ નાનકડા અંશનું દર્શન થયું, એમ કહી શકાય. પરંતુ એટલા અમથા જ્ઞાનથી જિંદગી સાવ બદલાઈ જાય છે. મતલબ કે એક જ ક્ષણમાં માણસ બદલાઈ જાય છે.



### હિમાલયના પત્રોમાંથી

# સાચું સુખ

**—યોગેશ્વરજી**

**સરોડ**

**તા.૫ સપ્ટે. ૧૯૪૮**

આ પત્રની પૂર્વ ભૂમિકા એ છે કે સને ૧૯૪૮માં અમને ટાઈફોડની ભારે બિમારી આવેલી. ત્યારે અત્યારના જેવી તેના ઉપચારની દવાઓ શોધાઈ ન હતી અથવા તો તે કદાચ ખૂબ ખર્ચાળ હશે, જેથી અમારી પહોંચની બહાર. અમારો તાવ ૭૨ દિવસે ઉતરેલો. તે પછી જાણે નવું જીવન મળ્યું.

તે વખતે પૂ.શ્રી યોગેશ્વરજીનું સાધનાનું વ્રત પણ ચાલતું હતું. તે પાછળની ભાવના પણ આવી હતી. એવી એક વિશિષ્ટ આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરવી, જેનાથી આ દેશ અને દુનિયાના દુઃખો હળવાં કરી, એક નવા સુખ-શાંતિમય યુગનો પ્રારંભ થાય જે માટે મા જગદંબા એનું શ્રેય કોઈ સાચા આધ્યાત્મિક વ્યક્તિને અપાવે.

આજે પણ તે ધ્યેય પરિપૂર્ણ નથી થયું. પણ થશે તે નક્કી છે. ભારત આજે એ દિશામાં આગળ વધી રહ્યું હોય તેમ લાગે છે. એ સુવર્ણ દિનની પ્રતીક્ષા કરવી રહી. તે માટે મા જગદંબાને પ્રાર્થના કરતા રહીએ.

**—તંત્રી**

પ્રિય નારાયણ,

પત્ર આજે મળ્યો. આનંદ થયો. લાંબા વખતથી લથડી પડેલી તબિયત હવે ઠેકાણા પર આવશે એમ જાણી આનંદ વધુ થાય

છે. બસ, તાવ જાય એટલે થયું. અશક્તિ તો લાંબા વખતની માંદગીને લીધે જરૂર રહે જ. પણ હવે ખૂબ સારી સંભાળ લેવાથી શક્તિ આવવા માંડશે. આ માટે સારાં હવાપાણી, પથ્ય ને સાત્ત્વિક તેમ જ શુદ્ધ ખોરાક ને કુદરતી વાતાવરણ તેમ જ તે બધાંની સાથે દિલને શાંતિ ને આનંદ આપે તેવા સરસ સહવાસની અત્યંત જરૂર છે. સહવાસ સારો હોય તો મન ખૂબ પ્રફુલ્લિત રહે ને ખાનપાનની શુદ્ધિ શરીરમાં જોમ ભરે, એ દૃષ્ટિએ બંને વસ્તુ મહત્ત્વની છે. આ માટે બ્રહ્મપુરી જેવા સ્થળે કંઈક સમય રહેવાનો વિચાર થાય તો તે ખૂબ સુંદર ને આવકારદાયક છે. પહેલાં શરીર, પછી કામ. શરીર હશે તો બધું જ થઈ રહેશે. ને ઈશ્વર ખૂબ દયાળુ છે. તેની પરમ દયા આપણાથી હરેક પ્રસંગે ને તરત સમજી શકાતી નથી. તેની દયાથી સૌ સારાં વાનાં થશે. આજે આર્થિક રીતે તમારે ખૂબ સહેવું પડ્યું હશે, પરંતુ ઈશ્વરને વરસાવવું હશે તો તે ન જાણે કેવી બારી ખોલી નાખશે ને અર્થ કે સુખની વૃષ્ટિ પણ કરશે. જે સત્યશીલ છે, પવિત્ર છે, ને ઉદાત્ત વર્તન ને ધ્યેયવાળા છે, તેમને જગતમાં કદી કષ્ટ હોતું નથી. ને કોઈ કર્મ કે સંસ્કારવિશેષના યોગથી બાહ્ય રીતે કંઈ કષ્ટ પડતું પણ લાગે તો પણ અંત તેનો સુખદ જ હોય છે, ને સત્યશીલ પુરુષો પોતાનાં સત્ય, પ્રેમ, પવિત્રતા ને વિચારો દ્વારા સુખશાંતિ સદા મેળવતા હોઈ તેવે પ્રસંગે પણ ઈશ્વરમાં જોડાઈ રહેલું તેમનું ચિત્ત સુખ જ અનુભવે છે. આ જ સાચું સુખ છે.

બેન સરસ્વતીના લખાણ પરથી જાણવા મળે છે કે અત્યારે પિતાજી પણ ત્યાં જ છે. તેમને મારો ખૂબ ખૂબ પ્રેમ જરૂર પહોંચાડજે. તેમનું સુદૃઢ શરીર, ઉન્નત ભાલ ને દયાભર્યું મુખ મારી આંખ સામે તરે છે. ખરેખર તે એક યોગ્ય પિતા છે.



બ્રહ્મપુરીના આ વખતના સંસર્ગમાં તેમની વધારે નજીક આવી શકાયું. તેમનો પ્રેમ કેટલો અપાર ને તેમનું હૃદય કેટલું વિશાળ છે ! તેમના ઘણાખરા શબ્દો મને ખૂબ યાદ આવે છે. તેમને અત્યારે કંઈક માનસિક દુઃખ હશે. પણ મારું તેમને આશ્વાસન છે કે જે અગ્નિપરીક્ષામાંથી તમે બધાં છેલ્લાં થોડાં વરસોથી પસાર થઈ રહ્યાં છો તેમાંથી તમે જરૂર અણીશુદ્ધ પાર ઉતરશો ને ઈશ્વર હંમેશ માટે તમારું કૌટુંબિક મંગલ કરશે. માતાજી પણ કેવાં પ્રેમાળ છે ! તેમને પણ દેશમાં મારો પ્રેમ પહોંચાડશો.

ઘણા સમયથી પથારીમાં પડ્યા રહેવું પડ્યું એટલે હવે તો કંટાળો આવ્યો હશે. શું થાય ? ઈશ્વરની લીલા અપાર છે. પણ દરેક વસ્તુમાં કંઈ ને કંઈ મંગલ રહસ્ય રહેલું હોય છે એમ માની શાંતિ મેળવવી. સમય ના જાય તો પથારીમાં પ્રભુસ્મરણ કરતા રહેવું. એથી ચિત્તને શાંતિ મળે છે. ઈશ્વર જેવો આધાર બીજો કોઈ નથી. જે તેને પકડે છે તેને કદી કષ્ટ નથી. જે તેના નામમાં ને પ્રેમમાં તરબોળ કે મસ્ત થઈ ગયા તે સદા માટે ધન્ય થયા, ને પ્રત્યેક પરિસ્થિતિમાં તેના રહીને આનંદી જ રહ્યા એ પ્રસિદ્ધ જ છે. તુકારામનો ગૃહક્લેશ છતાં તેમાં સતત ચાલતી તેની ભક્તિની ભાગીરથી ધારા; હરિશ્ચંદ્રની અનંત કષ્ટ વચ્ચે વહેતી સત્યની અપૂર્વ નિષ્ઠા; ને ભગવાન રામકૃષ્ણદેવની અંતિમ રૂગ્ણ અવસ્થામાં પણ પરોપકારને માટે ચાલતી ઉપદેશની અનંત વાગ્ધારા, આ બધાં તેનાં અમર ઉદાહરણ છે. આ જ જગતની એક માત્ર આધ્યાત્મિક પુંજી છે, જેમાંથી અનેક શ્રદ્ધાસંપન્ન ભક્ત જીવો પોતાની પ્યાસ શમાવે છે ને જીવનમાં શ્રદ્ધા, વિશ્વાસ, અડગતા બધું મેળવે છે. ખરેખર, કોઈપણ દશામાં સત્ય ને આદર્શ તેમ જ ઈશ્વરનિષ્ઠા ના જવી એ ઉત્તમ જીવનનું રહસ્ય છે.

આજની દુનિયા યંત્રવાદી છે. બહારની વસ્તુને વધારે પૂજનારી છે. સત્ય, ઈશ્વર ને આદર્શની તે એટલી પૂજક નથી. માનવતાથી તે દૂર ને દૂર જતી ચાલે છે. આને પરિણામે શું થાય છે તે આપણે બધાં જોઈએ જ છીએ. પરસ્પર વિદ્વેષ, સત્તાલોલુપતા, વૈભવ ને ભોગની ભૂખ ને વિષયવૃત્તિની અદમ્યતા; યુદ્ધ, અસત્ય, ઉત્પાત આ બધાં તેનાં પરિણામ છે. આવા જગતમાં પ્રકૃતિ પણ વિપરીત બને જ ને ? પરિણામે વૃષ્ટિના અભાવ, અસહ્ય તાપ, એવું એવું આપણે જોઈએ છીએ. સંસારના આજના અનેક જટિલ પ્રશ્નો લગભગ બધાય-આ જ કારણથી ઉદ્ભવ્યા છે ને વધ્યા છે ને માનવ માનવતાથી દૂર ને દૂર જતો થયો છે, આસુરી સંપત્તિ વધી છે, જડની પૂજા વધી છે, ને માનવ કોણ, શા માટે ને ક્યાં એ વાત વિસરાઈ ગઈ છે. બાકી તો જે સંહાર આપણે જોયા છે તેથીયે ભયંકર સંહાર હજી શેષ છે. કેમ કે કર્મના ફળ મળે જ છે. માણસ જે કરશે તેવું જ તેને મળશે. કુદરતી જીવન, સત્યમય ને પવિત્ર પરોપકારી જીવન એ જ ઉપાય છે, ને ઈશ્વરી પ્રકાશમાં પગલાં ભરવાં એ જ માર્ગ છે. દુનિયા જેટલું વહેલું આ સમજી લે તેટલું સારું છે. તે વિના સંસારમાં શાંતિ નથી. ને શાંતિ, સમૃદ્ધિ તથા સુખના જે યુગમાં આપણને ઈશ્વર લઈ જવા માગે છે તે યુગ આવો જ છે. તેમાં હરેક મનુષ્યે સત્ત્વપ્રધાન થવું જ પડશે. અલબત્ત, તેમાં જડની ઉપેક્ષા નહીં હોય, પણ જડની પાછળ માણસ જડ ના બની જાય તે જોવાશે. જડની માણસ ઉપાસના ન કરે, પરંતુ ઈશ્વરને જ ઉપાસે, ને જડનો પોતાના મંગલ માટે ઉપયોગ કરે.

માતાજી કુશળ છે. તે તમને બધાંને કેમ ભૂલે ? રોજ યાદ કરે છે. તેમનો પ્રેમ તો તું જાણે છે. તા.૨૫ થી મેં અહીં ૯ દિનના ઉપવાસ કરેલા જે તમને કોઈએ લખ્યું નથી. ને તે પૂર્ણ



થતાં થોડા દિન ભારે ચિંતામાં ગાળી. કંઈક વાંધો આવતાં તે ઉપવાસ ફરી ઊભા થયા, ને આજે બરાબર છેલ્લા ૩૧ દિવસથી સતત ઉપવાસમાં છું. આ દિવસો દરમ્યાન અન્નાદિ લીધું નથી એટલે શરીર પર અસર થઈ છે. છતાં દશા ચિંતાજનક નથી. ઈશ્વર જેનો પ્રેરક ને રક્ષક છે તેને કદીયે શી ચિંતા ? હજી આ ઉપવાસ કેટલા ચાલશે તે ઈશ્વર જ જાણે છે. પણ જલદી તેનો નિકાલ ‘મા’ લાવી દેશે એવી શ્રદ્ધા છે. તેની દયા વિના આવાં કાર્ય થતાં નથી કે આવાં વ્રત થતાં ને ટકતાં નથી. જે કષ્ટ, ચિંતા, વેદના હું વેઠી રહ્યો છું ને ભૂતમાં મેં વેઠ્યાં છે, તેની કલ્પના કોઈને આવી શકે તેમ નથી. સાધારણ માણસનું ત્યાં ગજું નથી. ઈશ્વરની કૃપા છે. ને મારી પોતાની પરિપૂર્ણ શાંતિ ને પૂર્ણતા જ નહીં, પરંતુ પરિપીડિત સંસાર ને માનવતાના મંગલ ને પરમ કલ્યાણને માટે જ હું આ બધું કરી ને વેઠી રહ્યો છું. સંસારને કંઈક કામ આવવાની, ને વિરાટ રીતે કામ આવવાની મારી ઈચ્છા છે. ‘મા’ની કૃપાથી આજે હું તપું છું, ને તપીશ કે વેઠીશ, પરંતુ ભાવિમાં તેનાં ફલથી સંસાર આનંદ કરશે એ નક્કી છે, કેમ કે એ મારી વર્ષોની નેમ છે. આ તો મેં તને પણ આટલા લાંબા કાળે એટલા માટે જણાવ્યું કે ખૂબ પ્રેમ ને ઈચ્છા હોવા છતાં કેવા સંજોગોમાં હું ત્યાં આવી શક્યો નથી ને અહીં જ ટક્યો છું. વ્રતમાંથી ઊઠ્યા પછી પણ શરીર ખૂબ સંભાળવું ને સુધારવું રહેશે તેથી (ને બીજે સ્થળે આવા સરસ ગ્રામજીવનનો અભાવ હોવાથી) ઓછામાં ઓછા ૧૦-૧૫ દિવસ તો અહીં રહેવું જ પડશે.

# હૃદયપલટો

—રામનારાયણ વિ. પાઠક

આંતર રસહીનતાથી જીવનમાં જે શૂન્યતા આવે છે તેની શાંતિમાં બંને ચા પીવા માંડ્યાં. એટલામાં સખત વંટોળ ચડ્યો. આસપાસ ઊંચી વંડી હતી અને નીચે પાણી છાંટેલું હતું તોફાને આમની ચા ઉપર હુમલો કર્યો અને વધતાં વધતાં આંધીનું રૂપ લીધું. ધૂળવિનાની મુંબઈ પહેલી જ વાર છોડીને આ અજાણ્યા પ્રદેશમાં આવેલાં આ ક્રિશ્યન દંપતીને આ દ્રશ્ય વિચિત્ર લાગ્યું. એમને ચકિત થયેલાં જોઈને ચુનિયાએ કહ્યું : 'સાહેબ, હવે તો આવી આંધીઓ ચડ્યા જ કરવાની.'

શેઠે કહ્યું : 'તેં કેમ જાણ્યું ?'

'સાહેબ, ચોમાસું પાસે આવ્યું. આવી નવ આંધીઓ ચડે એટલે વરસાદ આવે. ઓણ ચોમાસું વહેલું આવશે.'

'પણ હજી બીજી આઠ આંધી ચડશે ત્યારે આવશે ને ?'

'સાહેબ, પણ દેડકી અત્યારથી બોલવા લાગી છે, ચોમાસું વહેલું આવશે.'

'વહાલી જેની !' ફૉન્સેકાએ પત્નીને સંબોધીને કહ્યું : 'હવે તું મુંબઈ વહેલી જાય તો સારું. વરસાદ આવશે તો તો અહીંના કાદવમાં મોટર ચાલશે નહીં અને તને મોકલાશે નહીં. તેમ જરૂર પડશે તો ડૉક્ટરને પણ બોલાવી નહીં શકાય.'

'વહાલા, મારો હાથ જોઈને એક જણે કહ્યું છે કે આ વરસ ભારે છે. હું તારાથી જુદી નહીં પડું. 'આવા હાથ જોનારા કોણ જાણે ક્યાંથી તને મળે છે. તું જાણે છે કે અહીં આપણે એકલાં છીએ. નજીકમાં આપણી કોમનું કોઈ નથી. આસપાસનાં માણસો



આપણને બિલકુલ મદદ કરે તેમ નથી છતાં તું અહીં રહેવાની હઠ કરે છે તે કેટલું બેહુંદું છે? મેં તો તમને ના જ કહી હતી કે આ દેશી લોકોના નિસાસાની જમીન તમે ન લો તેમ છતાં તમે લીધી.' પહેરવેશમાં તેમજ દ્રષ્ટિબિંદુમાં, બંનેમાં, દેશી ખ્રિસ્તીઓ પરદેશી થતાં જાય છે.

ફૉન્સેકા જરા ચિડાયો. 'રહી રહીને એનું એ જ બોલવાનું ? બીજું કશું મળે જ નહીં ! શું તને ગામડામાં સુંદર બગીચા ને વિલા કરી રહેવાની ઇચ્છા નહોતી ? અને હિંદુ લોકોને અને આપણે શું ? કૌંસિલની ચૂંટણીમાં તે લોકોએ પ્રોફેસર ડી. સૂઝાને એક પણ વૉટ આપ્યો ?'

'આપણે પણ ક્યાં એ લોકોને વૉટ આપીએ છીએ ! પણ આપણે પણ એક દિવસ તો તેમના ભેગાં જ હતાં ને ! અત્યારે પણ તેમના હક્કો ડુબાવીને આપણે જમીન લીધી પણ તેઓ આપણને કાંઈ કહે છે ?'

બંને વચ્ચે ટપાટપી લાંબી અને ગરમાગરમ ચાલી. છેવટે તેના પ્રત્યાઘાતરૂપે બંને સમાધાન ઉપર આવ્યાં. જેનીએ વચન આપ્યું કે હિંદુઓની જમીન લીધા બાબત હવે પછી કદી મહેણું ન મારવું. ઓપટીના સંગ માટે અત્યારથી જ એક સારી નર્સ બોલાવવાનું નક્કી થયું.

ધૂળનું તોફાન હવે શમ્યું હતું. સાંજે બંને સાથે ફરવા નીકળતાં તે મુજબ ફૉન્સેકાએ ફરવા નીકળવા કહ્યું. જેનીએ આજે ફરવા જવાની ના પાડી. અને ફૉન્સેકા સામી ભીંતેથી બંદૂક લઈ એકલો જ ફરવા ચાલ્યો. ફરવા જતાં તે બંદૂક સાથે લઈને જતો. પોતે શિકારે જાય છે એમ બહારથી બતાવતો, કોઈ કોઈ વાર ચકલાં પારેવાં સસલાં મારી પણ લાવતો, પણ ખરું તો તેને લોકોની બીક

હતી અને તેથી લોકોને ડરાવવા તે બંદૂક સાથે રાખતો. બંદૂકનો પરવાનો તેણે અહીં આવ્યા પછી જ લીધો હતો.

ફૉન્સેકા ગયા પછી જેની ત્યાં જ બેસી રહી. આજની ટપાટપીથી તેને અહીં આવવાનો આખો પ્રસંગ યાદ આવ્યો. સરકાર પાસેથી ન્યાય ન મળતાં દેવુસણા તાલુકાના લોકોએ મહેસૂલ અટકાવ્યું. સરકારે બધા દોરદમામથી જપ્તીઓ કરી જોઈ પણ કાંઈ ન વળ્યું, પછી જમીન ખાલસા કરી, છતાં લોકો હઠ્યા કે ડર્યા નહીં. છેવટે જમીન હરરાજ કરી પણ કોઈએ લીધી નહીં. જમીનની હરરાજીની ખાસ શરતોની જાહેરખબરો બહાર પડી. ગવર્મેન્ટ ગેઝેટમાંથી ફૉન્સેકાએ તે જેનીને વાંચી બતાવી. જેનીને ગામડામાં એક સાદું, સુખમય, સુઘડ જીવન ગાળવું હતું, વળી ફૉન્સેકાને એક્સાઈઝ ખાતાની નોકરીમાં ઘણા દિવસ બહાર રહેવું પડતું. ભયંકર જંગલોમાં ભટકવું પડતું, તેથી તે કંટાળી ગયો હતો. જેનીના પિતા મોટા જમીનદાર હતા તેથી આમને પણ આ જમીન લેવાનો વિચાર થયો. જેનીએ નિસાસાની જમીન લેવાનો વિરોધ કર્યો પણ છેવટે સુખી કલ્પેલા જીવનની લાલસાથી દોરાઈ તેણે હા પાડી. દેવસુણાની જે જમીન કોઈ હિંદુએ ન લીધી, કોઈ મુસલમાને ન લીધી, કોઈ પારસીએ ન લીધી, તે છેવટે આ ક્રિશ્યનોએ લીધી. ગામથી અરધો માઈલ દૂર આશરે ૮૦ એકરમાં સારામાં સારી જમીન તેમણે પસંદ કરી.

જમીન લેતાં શું લીધી તો ખરી પણ પછીની મુશ્કેલીઓ ઓછી નહોતી. દેવસુણા ગામમાં કે તાલુકામાં તેને જમીન ખેડવા તો કોઈ ન મળે પણ ઘર ચણવા કે ઘરનું કામ કરવા પણ ન મળે. બજારમાં ચીજ ન મળે, રૂપિયાનું પરચૂરણ પણ ન મળે. ફૉન્સેકાના કાકાએ રેલવેનાં મકાનોનો કોન્ટ્રેક્ટ લીધેલા તેણે પોતાના મજૂરો પાસે ઘર



બંધાવી આપ્યું. ફૉન્સેકાના એક મિત્ર એક દેશી રાજ્યમાં હેડમાસ્તર હતા, તેને ત્યાં કડીનો એક દુકાળિયો ઘણાં વરસથી રહેતો તે વિશ્વાસુ નોકર ચુનિયો તેમણે ખાસ ફૉન્સેકાને આપ્યો અને એ રીતે આ દંપતીનું ઘર ચાલવા માંડ્યું.

જેનીનાં ગામડાનાં સ્વપ્ન તો ક્યાંય રહી ગયાં અને તેને બદલે તેને જીવન એક કેદખાના જેવું લાગવા માંડ્યું. ઘરની ઊંચી કાચના કટકા ખોસેલી વંડી તેને ખરેખર જેલની દીવાલ જેવી લાગતી હતી. આખો દિવસ વાત કરવાને પણ કોઈ મળે નહીં. ધણી સાથે પણ તે કેટલુંક બોલે, કે વાત કરે, કે પ્રેમ કરે ! બહારની બધી જરૂરિયાતોની તૃપ્તિથી તે ઊલટી વધારે મૂંઝાતી હતી. બહાર નીકળતાં લોકોની ‘આ અમારી જમીન લઈ ગયાં છે’ એમ કહેતી દ્રષ્ટિથી તે જાણે દાઝતી હતી, શોષાતી હતી. તેને લાગ્યું કે આ પાપ કરવામાં ધણીની સાથે પોતે પણ ભાગીદાર છે.

વળી તેનું વિચારચક્ર ફર્યું. તેણે વાંચ્યું હતું કે ખરાબ વિચારોની ગર્ભના બાળક પર ખરાબ અસર થાય છે. તેણે સારા વિચારો કરવાનો પ્રયત્ન કર્યો. જમીનનો વિચાર કરવાનું બંધ કરવાનો નિશ્ચય કર્યો. ફૉન્સેકાને પણ તેણે હમણાં જ એ નહીં બોલવાનું વચન આપ્યું છે. કંઈ નહીં, આ જમીનની ઊપજમાંથી પણ લોકોનું ભલું કરી શકાશે. નિશાળ કાઢી શકાશે, દવાખાનું કાઢી શકાશે, નાનું સરખું દેવળ બાંધી શકાશે. અને આ લોકોને ખ્રિસ્તી ધર્મનો બોધ કરીને ખ્રિસ્તી બનાવી શકાશે. આ ‘સારા’ વિચારોના સુખમાં તે અર્ધનિદ્રિન થઈ ગઈ.

માણસ પોતે કરેલા ખરાબ કૃત્યને સુધારીને નહીં, પણ તેને વિસારીને સારો થવા માંગે છે !

રાતના દશેકનો સુમાર છે. જેનીને પ્રસૂતિની સખત પીડા

થાય છે. ફૉન્સેકા વારંવાર નર્સને તેની તબિયત પૂછવા જાય છે અને કશો ખાસ ઉત્તર મળતો નથી. તે ગાભરો ગાભરો ચૉકમાં અતિ વ્યગ્ર મને આંટા મારે છે. એકદમ કાંઈ નવું જ સાંભર્યું હોય તેમ નર્સ પાસે જઈ તેણે પૂછ્યું : 'પ્રસૂતિમાં ગમે તેવી મુશ્કેલી હોય તોપણ તમે કામ કરી શકશોને ?'

આ પ્રશ્ન જરા પણ નવો નહોતો. તેણે તે લગભગ હરરોજ પૂછ્યો હતો અને આજની વેદનામાં આ ચોથી વાર પૂછ્યો હતો. પણ નર્સને માણસની આ પ્રકૃતિની ખબર હતી. તેણે ધંધાને અંગે કેળવેલ ધીરજથી અને મૃદુતાથી જવાબ આપ્યો : 'નૉર્મલ કેસ હશે તો વાંધો નહીં આવે. પણ કાંઈ એબનૉર્મલ હોય તો ડૉક્ટરની જરૂર પડે.' આ જવાબ ફૉન્સેકાએ પૂરેપૂરો સાંભળ્યો પણ નહીં અને સાંભળત તો તે સમજી પણ ન શકત. આંખો દુઃખમાં મીંચી દઈ, કપાળ પરના વાળનો જોરથી બાચકો ભરી, તેણે પાછું ચૉકમાં અનિયમિત ફરવા માંડ્યું.

થોડી વાર તે ફર્યો હશે એટલામાં નર્સ આવી અને ફૉન્સેકાને કહ્યું કે બાળક આડું છે. ખાસ હોંશિયાર ડૉક્ટરની જરૂર છે. તમે એકદમ બોલાવો. બાઈને અસહ્ય દરદ થાય છે.

સાધારણ રીતે ગામમાં કોઈ ડૉક્ટર રહેતો નહોતો. પણ આજે એક આવ્યો હતો. ગુલાબભાઈ દેસાઈની દીકરીનાં આજે લગ્ન હતાં અને તેમના વેવાઈ ડૉક્ટર હતા. પણ તે આવશે કે નહીં તે કહેવું મુશ્કેલ હતું. ગુલાબભાઈ મહેસૂલ ન ભરવાની હિલચાલના સ્થાનિક નેતા હતા. સ્વભાવે ઉગ્ર હતા અને આખા ગામમાં તેમની રાડ ફાટતી. ફૉન્સેકા પહેલાં તો તેમને એકદમ તેડી લાવવાના વિચારથી બારણા તરફ દોડ્યો, પણ પછી, કોઈએ બાંધેલા દોરડાથી પાછો વળ્યો. આજ સુધી ગામના એક પણ માણસને તે



મળ્યો નહોતો, ગુલાબભાઈને પણ મળ્યો નહોતો, સર્વને તે પોતાના શત્રુ સમજતો. તે શી રીતે અત્યારે બોલાવવા જાય ! તે પાછો ફરી ખુરશી પર માથું નાખી પડ્યો. દીન વદને તેણે નર્સને કહ્યું : 'તમે એક ધંધાનાં છો, એટલે તમારું માનશે.'

પાસે પેલો ચુનિયો નોકર હતો તે બોલ્યો : 'અબ્દુલ ઘાંચીને કહો તો બોલાવી લાવું.'

આપણા દેશની પ્રાચીન શક્તિ, આવડત, વિદ્યા, કલા, કૌશલની અનેક વિભૂતિઓ હજી ગામોમાં છૂટીછવાઈ પડેલી હોય છે. હજી કંઈક ગામોમાં કુશલ તરનારા, સાપ ઉતારનાર, કમળો ઉતારનારા, ડામ દેનારા, કાન વીંધનારા, હાડકાં ચઢાવનારા, કંઠમાળ જેવા હજી અસાધ્ય મનાતા રોગો મટાડનારા, યોગપ્રક્રિયાઓ અને ઉપાસના કરનારાઓ હોય છે. તેઓ પોતાની રીતે કામ કરી, પોતાની આસપાસ સુકૃત્યોનો પમરાટ ફેલાવી સમય પૂરો થયે ચાલ્યા જાય છે. આ જાહેરખબરોના જમાનામાં તેમને વિશે કોઈ કશું જાણતું નથી. તેમનામાં સાચું કેટલું હતું, વહેમ કેટલો હતો તે કોઈ વિચારતું નથી, અને તેમની જગા કોઈ પૂરતું નથી. અબ્દુલ ઘાંચી એવી એક વિરલ વિભૂતિ હતો. પ્રસૂતિનો ગમે તેવા મુશ્કેલ કેસ તે પાર પાડી શકતો. સ્ત્રીઓને સંકોચ ન થાય માટે તે પાટો બાંધીને કામ કરતો. એવી તેની કુશળતા હતી, એવી તેની ટેક હતી. તે પોતાનો ઇલમ ઈશ્વરદત્ત માનતો અને જે બોલાવે તેને ત્યાં જતો. કદી પૈસા લેતો નહીં. આ નવાં આવેલાં ક્રિશ્ચિયનો તો ગામમાં કોઈ સાથે ભળતાં નહીં પણ ચુનિયો સર્વને ઓળખતો થયો હતો. તેણે આ વાત સાંભળી હતી અને શેઠશેઠાણીને કહી હતી. ડૉક્ટરને આવવાનો સંભવ ઘણો ઓછો છે એમ માની ફૉન્સેકાએ, દેશી લોકોની ચીડ છોડી દઈ, અબ્દુલને બોલાવવાની હા પાડી.

ફૉન્સેકાની જમીનની સામે ઈનામી જમીનના આંબાવાડિયામાં ખોડીદાસ પટેલ રહેતો હતો. તે નામ પ્રમાણે ખોડો જ હતો. અને એ ખોડી બિલાડી અપશુકન કર્યા વિના રહી નહીં. કેટલાક માણસો જોઈને કે સાંભળીને નહીં પણ ગંધથી બનાવ જાણી જાય છે તેમ તે જાણી ગયો હતો કે બાઈને કાંઈક મુશ્કેલી છે. સત્યાગ્રહની લડતમાં તેણે પાઈ પણ ખોઈ નહોતી. સહી કરવામાં તે સૌથી છેલ્લો હતો તોપણ અત્યારે તે આટલી મોડી રાતે નર્સ કે ચુનિયાની પહેલાં ઘેરથી નીકળ્યો અને પ્રથમ અબ્દુલને ત્યાં ગયો. અબ્દુલ હજી જાગતો હતો. તેનો નાનો છોકરો 'મા' 'મા' કરી રોઈ રોઈને હમણાં ઊંઘી ગયો હતો, અને તે પોતે ઓટલા ઉપર શૂન્ય થઈ બેઠો હતો. પાણીમાં ઊંડા ઊતરી જતાં, આંખો બંધ હોઈ ડૂબનાર પાણી દેખતો નથી, છતાં પાણી તેને ચારે તરફ દબાવે છે અને ગૂંગળાવે છે, તેમ અબ્દુલ પોતાનાં દુઃખનો વિચાર કરતો નહોતો, પણ ચારેય તરફનાં દુઃખો તેને દાબીને મૂંઝવતાં હતાં.

'અબ્દુલ કાકા, પેલો તમારો જમીનચોર બરાબર લાગમાં આવ્યો છે. ઘેર ખાટલો આવ્યો છે. જોજો ભોળા થતા !' કહીને ગુલાબભાઈને ઘેર વધામણી ખાવા દોડ્યો.

ગુલાબભાઈને ત્યાં બરાબર હસ્તમેળાપનો સમય હતો. ગુલાબભાઈ પાટલા પર બેઠા હતા. ખોડીદાસ આસપાસના લોકોને બહુ અગત્યનું કામ છે એમ સમજાવી ઠેઠ ગુલાબભાઈના પાટલા પાસે ગયો અને કાનમાં કહ્યું : 'ગુલાબભાઈ, પેલો જમીનચોર લાગમાં આવ્યો છે—'

'અલ્યા, પણ તારી કઈ જમીન ગઈ છે તે તું એને જમીનચોર કહેવા આવ્યો !' ગુલાબભાઈ ખોડીદાસને ઓળખતા હતા.



'પણ ગુલાબભાઈ—'

'રે જા હવે, મધરાતે ટાંગો ઉલાળતો આવે છે ! અત્યારે હસ્તમેળાપનો વખત છે એટલું પણ સમજતો નથી ! શું જાણીને ડાહ્યો થઈ બોલવા બેઠો છે. જા ઊઠ અહીંથી.' ખોડીદાસ ત્યાંથી નાઠો.

એટલામાં નર્સ આવી પહોંચી. તેણે ગુલાબભાઈને વાત કરી. ગુલાબભાઈ ખોડીદાસ વાત હવે સમજી ગયા. તેમણે તરત જ ડૉક્ટરને બોલાવ્યા અને કહ્યું : 'એ તો જમીનચોર થયા પણ આપણાથી એવાં થવાય ? તમે હમણાં ને હમણાં જાઓ.' ગુલાબભાઈને મહાત્માજીનો અહિંસાનો સિદ્ધાંત કાર્યમાં પાળવાની ચીવટ હતી. અને તે સાથે જગતની નજરે સરકારના પક્ષકાર થઈ જમીન લેનાર ક્રિશ્ચિયનને નૈતિક મહાત આપવાની ઈચ્છા પણ હતી.

'પણ મારી પાસે અહીં કશાં સાધનો નથી.' ડૉક્ટરે કહ્યું,

'જે ગમે તેમ હોય પણ તમે જાઓ અને જે થઈ શકે તે કરો. બાઈને બચાવો.' ડૉક્ટર માથે ટોપી નાખી હાથમાં લાકડી લઈ ચાલ્યા.

ડૉક્ટર પહોંચે તે પહેલાં અબ્દુલ પહોંચ્યો હતો. કંઈક અપરિચયથી ફોન્સેકા અબ્દુલને આવકારનો શબ્દ સુદ્ધાં કહી શક્યો નહીં. પણ અબ્દુલે પોતાના સ્વભાવની સરળતાથી કહ્યું : 'હાથ ધોવા પાણી લાવો. ધૂપ કરવા દેવતા લાવો.' ચુનિયાએ પાણી આપ્યું તેનાથી હાથ ધોયા, પછી દેવતા પર સાથે પડીકીમાં આણેલો લોબાન નાખી ધૂપ કર્યો. તે પર હાથ ધરી કાંઈક બોલ્યો, હાથ આંખોએ અડાડ્યા. પછી સાથે આણેલો પાટો તેણે ધૂપ પર ધર્યો. અને ચુનિયા પાસે આંખે પાટો બંધાવ્યો.

'હવે મને બાઈના ઓરડામાં લઈ જાઓ.'

પ્રસૂતિના ઓરડામાં જતાં જ તેણે કહ્યું : 'નહીં હોં માઈ ! તું તો મારી બહેન થાય. ગભરાઈશ નહીં. આંખો જરા વાર મીંચી જા અને હું કહું તેમ કરજે બહેન !' તેના મુખ પર ઓપરેશન કરનારની ચપળતા નહોતી પણ ધર્મક્રિયા કરનારની ગંભીરતા હતી, તેનું મોં અને આંખ ઉપરનો પાટો-એ પાટો ગાંધારીએ જીવનભર રાખેલા પાટાથી ઓછો પવિત્ર નહોતો-જોઈ આ ક્રિશ્ચિયન બાઈને શ્રદ્ધા થઈ. તેણે આંખો મીંચી દીધી.

અબ્દુલે પોતાનું કામ શરૂ કર્યું. એટલામાં ડૉક્ટર અને નર્સ આવ્યાં. ફોન્સેકા જરા સ્વસ્થ થયો હતો. તેણે ડૉક્ટરને આવકાર આપી અબ્દુલની વાત કરી. ડૉક્ટરે અબ્દુલની વાત સાંભળેલી, તેથી તેણે તેને જ કામ કરવા દીધું. ડૉક્ટર અને નર્સ જોતાં દૂર ઊભાં રહ્યાં.

ફોન્સેકા બહાર ઊભો હતો. કોઈ કોઈ વાર જેનીના વેદનાના અવાજો, અબ્દુલના સાંત્વનના શબ્દો અને સૂચનાઓ 'ફિકર નહીં હોં બહેન, જરા જોરથી દમ લે...', વચમાં વચમાં નર્સે ઉચ્ચારેલા પ્રશંસાના ઉદ્‌ગારો, શ્વાસ અદ્ધર રાખીને તે દૂરથી સાંભળતો હતો. થોડા વખત પછી અબ્દુલે આશ્વાસનનું 'બસ' કહ્યું અને પછી થોડી વારે નવા બાળકનો રડવાનો અવાજ, જાણે જગતમાં પોતાને માટે માર્ગ કરતો હોય, જાણે એક નવા જીવની ગણના કરવા ફરજ પાડતો હોય એવો આવ્યો. અને અબ્દુલે અર્ધહાસ્યથી કહ્યું : ''પોર્યા, જન્મતાં આટલું પરાક્રમ કર્યું તો મોટો થઈને શુંએ કરીશ ?'' તેણે અવાજ ઉપરથી છોકરો છે એમ પારખ્યું હતું.

ડૉક્ટર બહાર નીકળ્યો. ફોન્સેકા આગળ તેણે અબ્દુલનાં ઘણાં



જ વખાણ કર્યાં અને નર્સને સામાન્ય સૂચના આપી તે ગયો. થોડી વારે અબ્દુલ પણ બહાર નીકળ્યો, અને પાટો છોડાવી ચાલ્યો ગયો. ફોન્સેકા આ બનાવથી દિગ થઈ તેના સામું જ જોઈ રહ્યો.

અબ્દુલ ત્રણ દિવસ ખબર પૂછવા આવ્યો. જેનીની તબિયત સારી હતી. ત્રીજે દિવસે તેણે અબ્દુલ સાથે છૂટથી વાતચીત કરી. અબ્દુલ ચાલ્યો ગયો. તે પછી બેએક કલાકે જેનીએ નર્સ મારફત ફોન્સેકાને બોલાવ્યો. ફોન્સેકા આટલા બનાવોથી ગરીબ થઈ ગયો હતો. તે જેનીનું વચન ઉપાડી લેવા આતુર, દૂર દીન વદને ઊભો રહ્યો.

'જો વહાલા, આ અબ્દુલની વાત તું જાણે છે ? આજે મેં એને બધી વાત પૂછી જોઈ, તેની બધી જમીન ખાલસા થઈ ગઈ છે. તેની બૈરીની મરજી જમીન રાખવાની હતી પણ તેણે કહ્યું કે બધાં માણસોથી જુદાં પડી જમીન રખાય નહીં. તેની બૈરી જમીનને માટે રડતી કકળતી મરી ગઈ.' જેનીએ એક દીર્ઘ શ્વાસ લીધો. 'છતાં તેણે તો જમીન જવા જ દીધી. અત્યારે તેનો ધંધો ચાલતો નથી સરકારે ઘાણીનો બળદ પણ તેનો લઈ લીધો છે. તેના ઘરમાં ખાવા નથી. મેં તેને બસો ત્રણસો જોઈએ તેટલા રૂપિયા આપવા કહ્યું પણ તેણે ના જ પાડી. આ ધંધાનું તે કાંઈ લેતો નથી. ફક્ત છોકરાંને દૂધ પીવરાવે છે. અત્યારે પરદેશ જવા વિચાર કરે છે પણ નાનો છોકરો ક્યાં મૂકવો તેની તેને ચિંતા છે.'

જેનીએ ફોન્સેકાના મોઢા પર ફેરફાર થતો જોયો. તેણે લાંબો શ્વાસ લીધો અને ફરી બોલવા જતી હતી, એટલામાં ફોન્સેકાએ મોટા અવાજે 'મારા ખોદા' એમ કહી રડી દીધું અને મોં પર હાથ ઢાંક્યા. જેનીએ તેને વહાલથી પાસે બોલાવ્યો, 'નહીં,

વહાલા, હું તને ઠપકો દેવાની નથી. પણ-'

'નહીં, નહીં વહાલી, હું તેની જમીન પાછી આપી દઈશ.'

'પણ તે વાત પણ મેં તેને પૂછી જોઈ. ગામથી જુદાં પડી તે પોતે એકલો જમીન લેવા માગતો નથી.'

'હું સાંભળતો હતો. હું બધી જમીન છોડી દેવાનો છું. આપણે અહીંથી ચાલ્યાં જઈશું.'

ફોન્સેકા જેની પાસે એક ખુરશી પર બેઠો. બંને નીરવ શાંતિમાં કેટલીયે વાર એમ જ બેસી રહ્યાં. જેની માત્ર સૂતી સૂતી તેનાં ઢીંચણ પર હેતમાં હાથ ફેરવતી રહી.

આપણે કહીએ છીએ કે પુરુષના કર્મ આડું પાંદડું હોય છે- પાંદડાંને ઊડતાં વાર લાગે તેટલી જ વાર પુરુષનું નસીબ ખૂલતાં લાગે છે. એથી પણ વધારે સાચું એ છે કે માણસના સૌજન્ય આડું માત્ર પાંદડું હોય છે. આપણે આપણી અશ્રદ્ધામાં તે ઉડાડવા પ્રયત્ન કરતા નથી.

કહેવાની જરૂર નથી કે આ નવી વસવાટ કરવાના પહેલા અખતરામાં સરકાર નિષ્ફળ જવાથી તેણે લોકો સાથે સમાધાન કરી દીધું છે. સત્યાગ્રહમાં કામ કરવા આવેલામાંથી ત્યાંના અસલ વતનીઓની સ્થિતિ સુધારવા, તેમને કેળવવા, એક મંડળ સ્થાપ્યું છે અને ફોન્સેકા અને જેની તેમાં જોડાઈ ગયાં છે. તેમણે પોતાની જમીન ગામના લોકોને આપી તેનું એક ટ્રસ્ટ કર્યું છે, જેમાંથી 'અબ્દુલ પ્રસૂતિગૃહ' ચાલે છે. એક પ્રસૂતિ નિષ્ણાંત ડૉક્ટર અબ્દુલ સાથે કામ કરે છે, ત્યાં પ્રસૂતિનું શિક્ષણ અપાય છે, અને આખા તાલુકાની સ્ત્રીઓ તેનો લાભ લે છે.



# સ્વશિક્ષણ સાધના

વિમલા ઠકાર

(તા. ૧ થી ૫ ફેબ્રુઆરી ૧૯૮૧ દરમિયાન નર્મદાકાંઠે શ્રી રંગ અવધૂતજીના સ્થાન નારેશ્વર મુકામે ૧૦૮ જેટલા મુમુક્ષુ સાધકો સમક્ષ પૂજ્ય વિમલા તાઈએ કરેલાં પ્રવચનોના પુસ્તક 'અવધૂત પ્રસાદી'માંથી 'સ્વશિક્ષણ સાધના' નામનો લેખ ટૂંકાવીને સાભાર લેવામાં આવ્યો છે.)

આપણે પશુ અને માનવમાં સામ્ય તથા ભેદ શું છે તે સમજવો જોઇએ. પશુ પાસે કાયા છે. આપણને પણ કાયા મળી છે. બંને પાસે પંચમહાભૂતોનો બનેલો દેહ છે. ત્યાં પણ ક્ષુધા છે, તૃષા છે, નિદ્રા છે, મૈથુન છે. અહીં પણ એ બધું જ છે. ભૂખ, તરસ, ઊંઘ અને કામવાસનાના આવેગ–સંવેગ એ પશુ–પંખી અને થોડાક વધુ આગળ ચાલીએ તો વનસ્પતિ સૃષ્ટિ સાથેનાં પણ સામાન્ય ઘટક છે. આ આવેગાત્મક વિકારો છેimpulses છે, જે અન્ય સૃષ્ટિની જેમ માણસમાં પણ હાજરાહજૂર છે, એનો નિષેધ થઈ શકે તેમ નથી. ન તો એનું દમન કરવું ઠીક છે, ન તો પૂજા. આ વિકારોની પૂજા તો હરગિજ ન હોઇ શકે. એ કોઇ પૂજ્ય તત્ત્વ નથી, તેમજ નિષેધાર્હ પણ નથી. એને ભોગવવાથી જે કંઇ પરિણામો આવે છે તે આપણે સમજી લેવાં જોઇએ.

**आहार निद्रा भय मैथुनं च....**આપણે આ બધાંને સમજી લેવાં જોઇએ. આપણને જે ભૂખ લાગે છે તે એક સામાન્ય વિકાર છે. ઊંઘ આવે છે તો તે એક ચિત્તની વૃત્તિ છે. જેને આપણે sex urge–જાતીય ભૂખ કહીએ છીએ તે પણ એક

વિકાર છે. આ બધી સંવેદનાઓ માણસનો 'સ્વભાવ' નથી, 'વિભાવ' છે. આ બધી વૃત્તિઓના સ્વરૂપને સમજી લેવાની જરૂર છે.

માણસને ભૂખ લાગે છે, તેને આહારની સાથે સંબંધ છે. એને શરીરના આરોગ્યની સાથે જોડી દઇ, એમાંથી મુક્ત થઇ જવું જોઈએ. ભૂખને આવો એક સામાન્ય વિકાર નહીં માનીને વધારે પડતું મહત્ત્વ આપવા જઇશું તો આહારની સામગ્રી એકઠી કરવામાં, એમાંથી રસોઇ બનાવવામાં અને પછી આહારના સર–સામાનને સાચવવામાં જ જીંદગી પૂરી થઇ જશે. 'આહાર' શબ્દનો અર્થ બુદ્ધિને અને ઇન્દ્રિયોને પણ લાગુ પડે છે. બુદ્ધિને જ્ઞાનની સામગ્રી પીરસવી પડે છે, ઇન્દ્રિયોને અનુભૂતિઓની. માણસની જે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો છે તેના દ્વારા જે કાંઇ આહરણ થાય છે તે બધું 'આહાર'માં સમાવિષ્ટ છે. દરેક ઇન્દ્રિયોનો પોતપોતાનો વિષય હોય છે. આંખનો વિષય છે રૂપ. શ્રુતિનો વિષય છે નાદ, બુદ્ધિનો વિષય છે વિચાર. મનનો વિષય છે ભાવના, સંવેદન, વાસના, આઘાત-પ્રત્યાઘાત. ત્વચાનો વિષય છે સ્પર્શ, ઘ્રાણનો વિષય છે સુગંધ-દુર્ગંધ. આમ દરેકના પોતપોતાના વિષય છે. આ વિષયો તરફનું ખેંચાણ રહે એ સ્વાભાવિક છે, એ કુદરતી છે. એટલા માટે તો મેં કહ્યું કે એનો નિષેધ નહીં, એનું ખંડન નહીં. પણ એનું સમગ્ર જીવનમાં જે સ્થાન છે તેને સમજી લઈએ અને એની યોગ્યતા જેટલું મહત્ત્વ આપણે તેને દઈએ. '**तस्मात योगी भवार्जुन।**' આ દેશનું સૌભાગ્ય છે કે અહીંની સંસ્કૃતિમાં મનુષ્યમાત્રને એક જન્મસિદ્ધ અધિકાર પ્રાપ્ત થયો છે; અને તે અધિકાર છે-યોગી



અવસ્થામાં પહોંચવાનો. યોગી એટલે જોડાયેલો. યોગી બાહ્ય ઈન્દ્રિયો દ્વારા બહારના વિષયો સાથે જોડાયેલો હશે, મનથી વિચાર તેમ જ શબ્દસૃષ્ટિ સાથે જોડાયેલો હશે. અને જ્યારે શરીરની ઈંદ્રિયો શાંત હશે અને મન ગતિશૂન્ય હશે ત્યારે તે અંદરના શૂન્યના સેતુ પરથી પસાર થઈને આત્મસત્તા સાથે જોડાયેલો હશે. માણસને ભીતર પણ જોડાયેલા રહેવાનું છે અને બહાર પણ જોડાયેલા રહેવાનું છે. '**युज्यते इति योगः।**' બંને તરફથી જોડાવાનું છે. શૂન્યના સેતુ પર થઈને આત્મસત્તા પાસે પહોંચી જઈ તેની સાથે જોડાયેલા રહેવા માટે જે કંઈ માનસિક, બૌદ્ધિક અને વાચિક વ્યવહાર હશે તે આત્માના અવધાનમાં થશે, પ્રભુસત્તાના અવધાનમાં થશે-with the awareness of the existence of divinity. ઈન્દ્રિયોનો બાહ્ય વિષયો સાથેનો વ્યવહાર પણ ભદ્ર વ્યવહાર હશે, એ આસક્તિભર્યો કદરૂપો વ્યવહાર નહીં હોય. આસક્તિ તો ભારે કદરૂપી ચીજ છે. ઘણી કુરૂપ છે એ ! એટલા માટે ઈન્દ્રિયોનો આ વિષયો સાથેનો વ્યવહાર આસક્તિભર્યો નહીં હોય, લોલુપતાભર્યો પણ નહીં હોય. એ હશે સમ્યક વ્યવહાર ! શરીરને ધારણ કરવા માટે જેટલો જરૂરી હશે તેટલો એ સંબંધ રહેશે. વળી એ સુખદ હશે, ચારુ હશે, સમજણપૂર્વકનો હશે. જીવનની સ્વસ્થતા છે સમજણમાં-understandingમાં. આમ માણસે બેય તરફ જોડાયેલા રહેવાનું છે. આમાં ઈન્દ્રિયોનો વિષયો સાથેનો જે સંબંધ છે તેમાં માનવમાં રહેલી પશુતાનું તત્ત્વ આવે છે. કશુંક જોયું, જોયું અને ખેંચાયા. ઈન્દ્રિયોમાં સંસ્કાર પડેલા છે એટલે આંખ દોડે છે, વિષયને સ્પર્શી લે છે. હવે આ આંખની અંદરથી

કોણ દોડ્યું ? દોડ્યું છે મન. મનને ચીજ ગમી ગઈ. ઠીક છે ચાલો ! ગમી જાય ત્યાં સુધી કશો દોષ નથી થતો, સુંદર ચીજ ગમી જાય ત્યાં સુધી. પણ મામલો ત્યાં અટકતો નથી. આગળ વધીને મન કહે છે કે મારે એ જોઈએ. આ 'જોઈએ' ને 'ના જોઈએ' અને 'તે ન જોઈએ' એમ કર્યા કરે તો ભલે પ્રત્યક્ષમાં એ ચીજ મેળવો કે ના મેળવો, મન તો એ ચીજમાં બંધાઈ ગયું.

આવું જ બુદ્ધિનું. અનેક વિચારો બુદ્ધિએ ગ્રહણ કરી લીધા. સારાં સારાં પુસ્તકો ખરીદ્યાં કે પુસ્તકાલયમાંથી લાવીને વાંચી લીધાં. હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ, ઈસ્લામ ધર્મ વગેરે અનેક ધર્મો સમજી લીધા. વેદ-ઉપનિષદ ગીતા વાંચી લીધાં. સંતોનાં ચરિત્રો પણ જોઈ ગયા. એ તો હોય જ છે પરમ પવિત્ર. મહામાનવોના વિચારો પણ એટલા જ આકર્ષક હોય છે. તો બુદ્ધિ આ બધાયનો સ્મૃતિમાં સંઘરો કરે છે. માણસ સ્મૃતિને સમજાવ્યે રાખે છે. સમજ પડે કે ના પડે. જે કાંઈ જાણ્યું તે જીવનમાં ઊગ્યું કે ના ઊગ્યું એની કશી જ ચિંતા નહીં. તે તો મશગૂલ છે સંઘરવામાં, પરિગ્રહમાં-acquisitionમાં. આમ આંખે રૂપનો સંઘરો કર્યો અને મન એમાં ફસાઈ ગયું. બુદ્ધિએ શબ્દનો, વિચારનો સંઘરો કર્યો અને સ્મૃતિ એમાં ફસાઈ ગઈ. જે કંઈ વાંચ્યું તેનો બોજ ઢસડતાં ઢસડતાં બિચારીની કમ્મર પણ વાંકી વળી ગઈ.

ઈન્દ્રિયોને, મનને સ્વાનુભવ દ્વારા જે સુખ મળે છે તેને ટાળી શકાતું નથી. સુંદર ફૂલ જોયું, ચિત્તમાં પ્રસન્નતા રેલાઈ. મધુર નાદ સાંભળ્યો, હૃદય નાચી ઊઠ્યું, શીતળ પવનની લહેરખી આવી, રોમરોમ ઝણઝણી ઊઠ્યું. સરસ મઝાનું સ્વાદિષ્ટ ભોજન સામે આવ્યું તો મોંમાં પાણી આવ્યું. ભોજન



આરોગ્યું તો રસનાને રસ મળ્યો, સુખ થયું...આ બધું આપણે ટાળી શકતા નથી. ઈન્દ્રિયો અને વિષયો સાથેનો સંબંધ છે તે તો છે જ, પરંતુ એ સંબંધને આપણે સંયમની ભૂમિકા ઉપર લઈ જવાનો પુરુષાર્થ કરવાનો છે. એમાં જ મનુષ્યતા છે. ઈન્દ્રિયો અને વિષયોનો પરસ્પર સંબંધ એ માનવમાં રહેલી પશુતાનો અંશ છે, એની અનિવાર્યતાને સમજી લઈ એને જીવનમાં ઉચિત સ્થાન આપવાનું છે. એનાથી તસુભર પણ વધારે સ્થાન જીવનમાં આપવાની જરૂર નથી. એમા જીવનની શક્તિનો, સમયનો અપવ્યય કરવો નથી. આટલી વાત ધ્યાનમાં આવી જાય તો જીવનના આહારવિહારમાં આપોઆપ સાદાઈ આવી જશે.

સાત સામાજીક પાપ ગણ્યા છે. ૧. નીતિ વગરનો વ્યાપાર. ૨. માનવતા વગરનું વિજ્ઞાન. ૩. શ્રમ વગરની સંપત્તિ. ૪. સિદ્ધાંત વગરનું રાજકારણ. ૫. ત્યાગ વગરની ભક્તિ. ૬. ચારિત્ર્ય વગરનું ભણતર. ૭. આત્મચેતના વગરનો આનંદ.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# હરિરસની હેલીના પ્રતિભાવ

ઇન્દિરાબહેન

પૂ. ભગવતી સ્વરૂપા અમારાં માના ચરણકમળે સાષ્ટાંગ દંડવત પ્રણામ.

સૌ પ્રથમ અમારા અક્ષર અને અમારી ભૂલો માટે ક્ષમા માગું છું.

અત્યારે તો વિચારોની હેલી ધસમસે છે. કેટલું વરસશે તે તો મા–પ્રભુને જ ખબર.

મા હરિરસની ચિરસ્મરણીય હેલીમાં અમે તો ડૂબી ગયા છીએ. મનમાં થતું હતું કે આ માના મૌનવ્રતની સાક્ષી આ પ્રભુની શબ્દયાત્રા અને સ્વર્ગીય પદો ક્યારે વાંચવા મળશે, ગાવા મળશે, પણ પૂ. માએ સરસ અવસર આપ્યો. અમને પ્રેમ અને કૃપાની હેલીમાં નવરાવ્યાં ને નવલાં કીધાં. મા આ સાધારણ વાંચન નથી. મનન, ચિંતન માંગી લે છે અને પદો પણ પૂ. માએ સમજાવ્યા. જે અમારી અલ્પ બુદ્ધિથી ના સમજી શકત. અરે, કેટલાંક પદો તો ગાઈ જ નથી શકાતાં—સીધા અશ્રુધારા જ વહેવા માંડે છે.

**અમારા જીવનમાં આવ્યા, અમે તો ત્યારથી ફાવ્યા,**
**કર્યું કંઇ કેટલુંય છતાં, પૂરેપૂરા અમે ના વર્યા.**

ખરેખર મા તમે અમારા જીવનમાં ન હોત તો અમે ક્યાં અથડાતાં હોત? બાળકોનું શું થાત? કેટલું સરસ બાળકોનું જીવન ઘડતર થયું. મા તમારી અસીમ કૃપાનું જ પરિણામ છે. પૂ. શ્રી પ્રભુને અમે ઓળખી જ ના શક્યા હોત. તમારા થકી જ થોડી પણ સમજ આવી છે. ગુરુ એટલે શું? તેમનો આદર માન વિગેરે સમજ આપે જ આપી છે. છતાં અમારા માટે પાશેરામાં પહેલી પૂણી છે. અમારા જીવનમાં પૂ. શ્રી પ્રભુના ફક્ત એક જ વાર અમને સ્વપ્નમાં દર્શન થયાં છે. અને એક જ વાક્ય હજી કાનમાં ગૂંજે છે.



**‘આપણે આ બાજુ જવાનું છે.’** અને હાથ પકડી ચાલવા માંડ્યા. ખરેખર પ્રભુએ જ અમને પૂ. માને સોંપી દીધા છે, સ્વર્ગારોહણમાં લઈ આવ્યા છે.

આ હરિરસની હેલામાં એવા ડૂબ્યાં છીએ કે ઉપર આવવાનું મન નથી. જો આપના શરણે ના હોત તો આ ભવસાગરમાં ક્યાં તરફડીયા મારતાં હોત?

પૂ. માએ પ્રસાદી પીરસી તે ખૂબ જ અદ્‌ભુત છે. અમે પ્રેમથી આરોગી અને મા હવે એને પચાવજો. એ પદોમાં આવતાં પાનખરનાં દશ્યો, સરવરની પાળ બધાં જ અમેરીકાના દશ્યો નજર સમક્ષ તાદશ થાય છે. મા અહીં હશે. હવે અહીં વિચરણ કરતાં હશે. રૂમમાં ડેક ઉપર ફરતાં ફરતાં મંત્ર જપ કરતાં હશે.

આ અવસરની વાત કોઇ પૂછે કે શું હતું? સ્વર્ગારોહણમાં શેનો ઉત્સવ હતો? પણ જવાબ આપી ના શકાય. તે શબ્દાતીત છે. અવર્ણનીય છે. તે કહેવાની વાત નથી એ સ્વયં અનુભૂતિ છે. સમજાવી જ ના શકાય.

મા જેવા છીએ એવા તમારા અંકે ઠારજો. સ્વર્ગારોહણ દોડતાં રાખજો. પહેલીવાર હિંમત કરી છે અમારી લાગણીઓને વાચા આપવાની. અમારી ભૂલોને અમારી નાસમજને ક્ષમા કરશો.

હસતાં હસતાં ખસી જવાની વાત કેવી સરસ છે. તો મા હું પૂ. માનો કિમતી સમય વધારે ન લેતાં ખસી જાઉં છું. પણ ‘મા–પ્રભુ’ પાસેથી તો ખસવું જ નથી. જન્મોજન્મ તમારા ચરણકમળોમાં રાખજો. દર્શન સુખ ધરશો.

તમારા અણસમજ બાળનાં જન્મોજન્મનાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

# સ્વર્ગારોહણમાં શક્તિપર્વની ઉજવણી

તંત્રી

તારીખ ૨૮–૩–૧૭ થી તારીખ ૪–૪–૧૭.

આ વર્ષે નવરાત્રિ સાધનાના દિવસોનું ટાઈમટેબલ નીચે મુજબ હતું.

સવારે ૭ થી ૮ પ્રણામ, વંદના.
૮ થી ૧૦ વ્યક્તિગત નિયમો.
૧૦ થી ૧૦–૩૦ પૂ. શ્રીની અમૃતવાણી.
૧૨ વાગે ફળાહાર
સાંજે ૪ થી ૪–૩૦ ડી.વી.ડી. દર્શન
૫ થી ૬–૩૦ વ્યક્તિગત નિયમો.
૭ વાગે ફળાહાર
રાતે ૮ થી ૧૦ ડી.વી.ડી. દર્શન, સત્સંગ.
૧૦ થી ૧૦–૩૦ જપયાત્રા

તા. ૧–૪–૨૦૧૭ શનિવાર રાત્રે વિશેષ પ્રણામપૂજા.

પૂ. શ્રી માએ પર્વના પ્રારંભે અંબાજી તીર્થના સ્થાનદેવતાનો મહિમા જળવાય એ ઉદ્દેશથી સૌને અંબાજી મંદિરે જવાની આજ્ઞા આપી. તો સૌએ મંદિર જઈને દર્શન સુખ પામ્યા.

સ્વર્ગારોહણમાં નવરાત્રિ પર્વમાં પ્રણામથી જ પ્રભાત પ્રગટે છે. સૌ પ્રથમ ૭–૦૦ વાગે અહીં પૂ. મા સાથે સૌ ભક્તો પાંચ–પાંચ પ્રણામ કરી દર્શનનો પણ લાભ લે છે. નવરાત્રિના પવિત્ર દિવસોમાં સવારે જ પૂ. માનું દર્શન પામીને જાણે ધન્યતા અનુભવે છે અને દિવસની સાધનાની શરૂઆત કરે છે.



પ્રભાતવંદનામાં એક બાવની અને એક મંત્રગાનની માળા સમુહમાં ગવાય છે. બે પ્રાર્થના બાદ વ્યક્તિગત સાધના શરૂ થાય છે. અહીં સૌ પોતપોતાના નિયમો પણ લખાવે છે. મૌન, જપ, ધ્યાન, પ્રાર્થના, પાઠ, વાંચન જેવા પોતાના વ્યક્તિગત નિયમો લઈને સાધના શરૂ કરે છે. (નિયમોનું બોર્ડ પૂ. માએ પોતાના હસ્તાક્ષરમાં લખીને પ્રભુ પાસે મૂકવામાં આવ્યું છે.)

સ્વર્ગારોહણમાં રહેતા દરેક સાધકે ઉપવાસનું મહત્ત્વ સમજીને ફળ–દૂધ ઉપર જ નવરાત્રિ વ્રત કર્યું. બપોરની ૪–૦૦ વાગ્યાની બેઠક આ વખતે વિશેષ રહી જેમાં પૂ. માના જ કંઠે ગવાયેલ ભજન–ધૂનની મસ્તી જોવા–માણવા મળી. સૌ આ કાર્યક્રમની (ડી.વી.ડી. દર્શનની) જાણે રાહ જોતાં હોય છે. પૂ. માએ પોતે જ રચેલા ભજન સાંભળીને સૌ ભક્તો જાણે ભક્તિરસમાં તરબોળ થઈ જાય છે.

રાત્રે ૮–૦૦ વાગ્યે વંદનમાં પણ એક બાવની, મંત્રગાનની માળા, બે પ્રાર્થના. ત્યારબાદ દરરોજ પ્રભુનું ડી.વી.ડી. દર્શન અને ત્યારબાદ પૂ. માનું દર્શન–સત્સંગ. જેમાં મુખ્યત્વે ''શ્રી યોગેશ્વર કથામૃત'' અને ''પડદા ઓથે પ્રભુ'' (પ્રભુના જીવનમાં પૂ. માના આગમનની નોંધ)નું વાંચન થતું. ખૂબ જ રસપ્રદ વાંચન રહેતું. આ નોંધમાં પૂ. માએ પૂ. યોગેશ્વરજીનું પ્રથમ દર્શન, બીજું દર્શન.......વગેરે દર્શનો કર્યા તે દરેક દર્શન વખતે પૂ. મા પૂ. યોગેશ્વરજીને કેવા આદર, અહોભાવ, ભક્તિભાવ, પૂજ્યભાવ, ગુરુભાવથી જૂએ છે એ ખૂબ ઝીણવટભરી વિગતવાર નોંધ કરેલ છે. દરેક દર્શને પૂ. માએ પૂ. શ્રીના જીવનનું સૂક્ષ્મ અવલોકન કર્યું છે. જેમાં નિયમપાલન,

સ્વચ્છતા, નિયમિતતા, સાદાય, પ્રભુપરાયણતા, માતૃભક્તિ વગેરે જેવા વિશેષ ગુણોનું દર્શન કર્યું. પૂ.માના જીવનમાં પૂ. યોગેશ્વરજીનો પ્રવેશ ધીમે ધીમે કેવી રીતે વધ્યો તેનું દર્શન આ નોંધ દ્વારા થઈ શકે છે.

આમ આખો દિવસ ફક્ત પૂ. મા અને પ્રભુ જ મુખ્ય રહેતા. બીજી કોઇ વ્યક્તિ કે વસ્તુ કે વિચારને જાણે કોઇ અવકાશ જ નહીં. સ્વર્ગારોહણમાં જાણે સંપૂર્ણ મૌનનો જ અનુભવ થાય. સૌ શાંત, સાધનામય, સત્સંગમય. ચારે ચાર બેઠકમાં જરાપણ કંટાળો કે નિરસતા ન લાગે. બેઠક શરૂ થવાને પાંચ–દસ મિનિટ પહેલા જ સૌ હાજર થઇ જાય. પહેલી એપ્રિલે પૂ. માએ ૧૦૧૧ પ્રણામ કરી (વિશેષ પૂજા કરી)ને પ્રભુને અર્ઘ્ય ધર્યું. ગરમીના દિવસો દરમ્યાન પણ પૂ. માએ પ્રણામનો નિયમ તો પાળ્યો જ. (ગુરુપૂર્ણિમા ૨૦૧૬ થી પૂ. મા દર મહિને એક દિવસ વિશેષ પ્રણામપૂજા કરે છે જેમાં ૧૦૦૦ પ્રણામ પૂ. મા કરે છે.) પૂ. માનું શારીરિક સ્વાસ્થ્ય સારું ન હોવા છતાં પ્રણામનો નિયમ પૂર્ણ કર્યો.

સ્વર્ગારોહણ આવેલ સૌ ભક્તોએ નવરાત્રિ પર્વ જાણે પૂ. માની કૃપાથી સાધનાપર્વ મનાવ્યું. પૂ. માના જ વિશેષ આશીર્વાદ–કૃપાથી સંપન્ન થયું.

પર્વની પૂર્ણાહુતિ પ્રસંગે પૂ. માએ સૂચવ્યું કે અમે તો જે કંઇ પ્રસાદ ધરવો જરૂરી લાગ્યો તે પ્રેમપૂર્વક તમને સૌને ધર્યો. હવે તમારો વારો. નિયમો કેવા પળાયા? થાક્યા–પાક્યા ઝોકા ખાતા ખાતા જપ કેવા થયા? નિયમોથી આનંદ આવ્યો કે કંટાળો આવ્યો? તે બધી જ વાત હવે સંભળાવવાની છે. એના



અનુસંધાને સૌએ પોતાના હૃદયસ્પર્શી પ્રતિભાવો રજૂ કર્યા. બેઠકના અંતે પૂ. માએ જણાવ્યું કે રાત્રે ૮–૦૦ થી ૨–૦૦ છ કલાકની આસનસિદ્ધિ સૌએ પ્રાપ્ત કરી લીધી એ આ નવરાત્રિ પર્વની સુખદ ઉપલબ્ધિ ગણી શકાય. ( આ પર્વની છેલ્લી બેઠક રાત્રે ૮–૦૦ થી ૨–૦૦ વાગ્યા સુધી ચાલી.)

સંસારના તમામ જીવો ત્રણ પ્રકારના (વેપારી) છે. પહેલા પ્રકારના જીવો મનુષ્યત્વરૂપ મુળ મુડીને જાળવે છે, ઉપરાંત પૂજ્યતાને પામે છે, મનુષ્ય જીવનમાં સદાચાર, શીલ, અને વ્રત પાળી મુક્ત બને છે.

બીજા પ્રકારના જીવો મુક્ત નથી બનતા પણ મનુષ્યત્વ જાળવી રાખે છે. સદાચારો એ પાળે છે.

ત્રીજા પ્રકારના જીવો તો મનુષ્યત્વ પણ ખોઈ નાંખે છે, ને અનાચારી અને દુરાચારી બની નરકના ભાગીદાર બને છે.

જે આપણે પ્રાપ્ત કરીએ છીએ તેનાથી આપણું જીવન બને છે, જે આપણે આપીએ છીએ તેનાથી બીજાનું જીવન બને છે.

એક વાત સારી રીતે સમજી લો કે સંતાનો પાછળ પિતા જે ખર્ચ કરે છે, તે ઈન્વેસ્ટમેટ (રોકાણ) તરીકે લેવાય છે, જ્યારે મરવા વાંકે જીવતા મા-બાપ પાછળનું ખર્ચ એ વેસ્ટેજ (બગાડ) ગણાય એવું અભાન પણે પણ કેટલાક માને છે.